CPS

# Racist and Religious Crime -

## CPS Prosecution Policy

Gujarati - May 2010

# વર્ણભેદી અને ધાર્મિક ગુના -
# સીપીએસ (CPS)ની પ્રોસિક્યુશનની
# (કાયદેસર પગલાં લેવાની) નીતિ

# અનુક્રમણિકા


1 પરિચય

2 વર્ણભેદી અને ધાર્મિક ગુના એટલે અમે શું કહેવા માગીએ છીએ

3 ગુનાના પ્રકારો

4 સીપીએસ (CPS)ની ભૂમિકા

5 ક્રાઉન પ્રોસિક્યુટરો માટેની આચારસંહિતા

6 કયા ચાર્જીસ માટે કાયદેસર પગલાં લેવાં તેનો નિર્ણય લેવો

7 જામીન

8 કેસ સાબિત કરવા માટે કયા પુરાવાની જરૂર છે
તેનો નિર્ણય લેવો

9 ગુનાનો ભોગ બનેલાં લોકોને અને સાક્ષીઓને જુબાની
આપવામાં મદદ કરવી

10 દોષિત હોવાની કબૂલાત સ્વીકારવી

11 સજા કરવી

12 ગુનાનો ભોગ બનેલાં લોકોને માહિતગાર રાખવાં

**13** **વર્ણભેદી અને ધાર્મિક ગુના ઉપર દેખરેખ**

**14** **સમાજમાં સંડોવણી**

**15** **ફરિયાદો**

**16** **નિષ્કર્ષ**

## પુરવણી A

વર્ણભેદી અને ધાર્મિક ગુના માટે કાયદેસર પગલાં લેવા માટે

વાપરવામાં આવતા કાયદા

## પુરવણી B

પોલીસ, સીપીએસ (CPS) અને કોર્ટની ભૂમિકા

## પુરવણી C

જામીન

વર્ણભેદી અને ધાર્મિક ગુનાનો અનુભવ કરી રહેલાં લોકો
માટે ઉપયોગી માહિતી અને સપર્કો

# 1 પરિચય

નીતિના આ બયાનમાં અમે, ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (સીપીએસ) Crown Prosecution Service (CPS), વર્ણભેદી અને ધાર્મિક એટલે કે ધર્મના આધાર પર કરવામાં આવતા ગુના સામે કેવી રીતે પગલાં લઈએ છીએ તે સમજાવવામાં આવ્યું છે. આ તેની બીજી આવૃત્તિ છે અને જુલાઈ 2003માં પ્રકાશિત કરવામાં આવેલી પહેલી આવૃત્તિ બાદ સીપીએસની કાર્યવાહીઓમાં તેમજ કાયદામાં થયેલા ફેરફારોનું તેમાં પ્રતિબિંબ પાડવામાં આવ્યું છે.

અમે આ બયાન એટલા માટે પ્રસિદ્ધ કરી રહ્યાં છીએ, કારણ કે અમે ઈચ્છીએ છીએ કે ગુનાનો ભોગ બનતાં લોકો, સાક્ષીઓ અને તેમનાં કુટુંબીજનો, તેમજ સામાન્ય જનતાને એ વાત પર વિશ્વાસ રહે કે સીપીએસ *(CPS)* આ પ્રકારના ગુના ગંભીર હોવાનું અને તેના લીધે કેટલી વાસ્તવિક તેમજ લાંબા સમયની અસરો, ફક્ત એકલદોકલ વ્યક્તિ પર જ નહિ પરંતુ સમુદાયો અને સમગ્ર સમાજ ઉપર પણ પડી શકે છે તે સમજે છે. અમે જ્યારે વર્ણભેદી કે ધાર્મિક ગુના માટે કાયદેસર પગલાં લઈએ ત્યારે અમારી પાસેથી શું અપેક્ષા રાખવી તેની લોકોને ખબર હોય તેમ અમે ઈચ્છીએ છીએ અને આશા રાખીએ છીએ કે આનાથી તેમને ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ - ગુનાકીય અપરાધોનો ન્યાય કરવાની પદ્ધતિમાં વધારે વિશ્વાસ બેસશે.

આ બીજી અવૃત્તિ તૈયાર કરવામાં, અમે કાળાં અને લઘુમતી વંશનાં લોકોના સમાજો તેમજ ધાર્મિક સમુદાયો સાથે મંત્રણાઓ કરી છે અને આ દસ્તાવેજ લખતી વખતે અમે તેમનાં સૂચનોને ધ્યાનમાં રાખ્યાં છે. તેમના યોગદાનથી અમને તેમના માટે અગત્યની હોય તેવી બાબતો બહેતર રીતે સમજવામાં અને જ્યારે અમે વર્ણભેદી અને ધાર્મિક ગુના સામે પગલાં લઈએ ત્યારે અમારે શું જાણવું જરૂરી છે તે સમજવામાં મદદ થઈ છે.

વર્ણભેદી અને ધાર્મિક ગુનાથી ખાસ કરીને તેનો ભોગ બનનાર વ્યક્તિને વધારે નુક્સાન થાય છે કારણ કે તેમને તેમની અંગત ઓળખ, તેમના ખરેખરા કે માની લેવામાં આવેલા વર્ણીય કે લઘુમતી વંશ, માન્યતાઓ કે ધર્મને કારણે જ ફક્ત ગુનાનો ભોગ બનાવવામાં આવ્યાં હોય છે. કાળાં અને લઘુમતી સમાજમાંથી ભોગ બનેલાં લોકોને તેઓ બીજા કોઈ લઘુમતી જૂથનાં હોવાને કારણે પણ લક્ષ્યાંક બનાવવામાં આવી શકે છે અને આ રીતે તેમણે કદાચ એક કરતાં વધારે પ્રકારના ભેદભાવનો સામનો કરવો પડે છે.

આ ગુના ગમે ત્યારે, ગમે ત્યાં જેમ કે રેસ્ટોરેન્ટો, ટેક અવેનાં સ્થાનો, નાઈટ ક્લબો, ફૂટબોલની મેચો, શોપિંગ ગયાં હોય ત્યારે કરવામાં આવી શકે અથવા તો પાડોશીઓ કે ગ્રાહકો, તીવ્રતાવાદી જૂથો કે પછી કુટુંબીજનો દ્વારા સતત રીતે કરવામાં આવતી હેરાનગતી કે ભોગ

બનાવવાની ઝૂંબેશનો એક ભાગ પણ હોઈ શકે છે. ગુનાઓ ક્યારેક આ બધી બાબતોનું મિશ્રણ પણ હોઈ શકે છે - કોઈ એક વ્યક્તિની પાડોશીઓ દ્વારા હેરાનગતી થવી અથવા આયોજિત ટોળકીઓ દ્વારા તે વ્યક્તિ પર કે તેમના ઘર પર હુમલા કરવામાં આવવા, અથવા તો કોઈ જાહેર સ્થળે ગમે ત્યારે હુમલા કરવા.

ભોગ બનેલાં લોકો પર આની જુદી જુદી અસરો થાય છે, પરંતુ ઘણાં લોકોને એક સરખી સમસ્યાઓનો અનુભવ થાય છે. તેમને પોતે તદ્દન એકલાં પડી ગયાં હોવાનું લાગે છે અને ઘરની બહાર નીકળવાનો કે પછી ઘરની અંદર રહેવામાં પણ તેમને ડર લાગે છે. તેઓ કદાચ અતડાં બની જાય અને સંસ્થાઓ તેમજ અજાણ્યાં લોકો પ્રત્યે શંકાશીલ બની જાય. તેમની માનસિક અને શારીરિક તંદુરસ્તી પર પણ અસર પડી શકે. ખાસ કરીને યુવાન લોકોના આત્મવિશ્વાસ અને પોતાની ઓળખ પર આની અસરો ઘણી નુક્સાનકારક નીવડી શકે, અને તેના પરિણામે કોઈના ટેકા વગર તેમના મનમાં તેમની પોતાની વર્ણીય કે ધાર્મિક ઓળખ પ્રત્યે એક પ્રકારની નફરતની લાગણી ઊભી થઈ જાય તેવું બની શકે.

આવા ગુનાનો ભોગ બનેલાં લોકો દ્વારા અનુભવવામાં આવતી મૂંઝવણ, ભય અને અસુરક્ષાની લાગણીની વિસ્તૃત સમાજમાં તેમના વર્ણીય કે ધાર્મિક જૂથ ઉપર ઘણી ખળભળાવી શકે તેવી અસરો ઊભી થઈ શકે છે. સમાજોને પોતાને ભોગ બનાવવામાં આવતા હોવાની લાગણી થઈ શકે અને બીજા વધારે હુમલા કરવામાં આવશે તેવું જોખમ હોવાનું લાગ્યા કરે.

આવા પ્રકારના ગુનાનાં પરિણામો ઘણાં લાંબા સમયનાં હોઈ શકે છે અને એ જ કારણસર અમે આ નીતિનું બયાન બહાર પાડવાનું નક્કી કર્યું છે, જેમાં નીચેની બાબતો સમજાવવામાં આવી છે:

- વર્ણભેદી અને ધાર્મિક ગુના એટલે અમે શું કહેવા માગીએ છીએ;
- અપરાધો અને કાયદો કેવી રીતે કામ કરે છે;
- અમારી ભૂમિકા અને ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમમાં અમે ક્યાં છીએ;
- ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓ પ્રત્યે અમારી જવાબદારી;



- વર્ણભેદી અને ધાર્મિક ગુનાઓના કેસો પર અમે કેવી રીતે દેખરેખ રાખીએ છીએ.

આમ તો આ દસ્તાવેજમાં ખાસ કરીને વર્ણભેદી કે ધાર્મિક ગુનાનો ભોગ બનેલાં લોકોને રસ પડશે, પરંતુ એકંદરે જાહેર જનતા માટે પણ તે અમારી નીતિનું એક સ્પષ્ટ બયાન આપવાનો ઈરાદો ધરાવે છે.

**અમારી નીતિ વર્ણભેદી અને ધાર્મિક ગુના સામે ન્યાયી રીતે, સખત અને કડક હાથે કાયદેસર કાર્યવાહી કરવાની છે.**

આ દસ્તાવેજને તમામ સીપીએસ *(CPS)* પ્રોસિક્યુટરો (સરકારી વકીલો) અને કેસવર્કરો માટેની વધારે વિગતવાર માર્ગદર્શિકાઓ વડે ટેકો આપવામાં આવ્યો છે જેથી તેમને નીતિ વિશે તેમજ આ પ્રકારના ગુના સામે અમે કેવી રીતે પગલાં લઈએ છીએ તેની સ્પષ્ટ સમજણ મળી શકે. આ માર્ગદર્શિકા અમે ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમમાં કામ કરતાં અન્ય લોકો સાથે વહેંચીશું જેથી તેઓ પણ નીતિના અમલમાં યોગદાન આપી શકે. આ માર્ગદર્શિકા જાહેર રીતે મળી શકે છે.

અમારા કર્મચારીઓને સમાનતા અને વિભિન્નતાની જાગૃતિની તાલીમ આપવામાં આવેલી છે. અમારાં પ્રોસિક્યુટરો અને કેસવર્કરો માટે પણ અમે તાલીમના કાર્યક્રમો તૈયાર કર્યા છે જેથી તેમને વર્ણભેદી અને ધાર્મિક ગુના વિશેના તેમના જ્ઞાન અને સમજણ વિકસાવવામાં મદદ મળે અને તેમના કેસના કાર્યને લગતા યોગ્ય નિર્ણયો લેવામાં મદદ થાય. આ તાલીમ હવે સમગ્ર ઈંગ્લેન્ડ અને વેલ્સમાં પ્રોસિક્યુટરો અને કેસવર્કરોને આપવામાં આવી છે, જ્યારે નવાં ભરતી થયેલાં પ્રોસિક્યુટરો અને કેસવર્કરોને હાલના ચાલુ કાર્યક્રમના ભાગરૂપે તાલીમ આપવામાં આવી રહી છે. સામાજિક અને ધાર્મિક જૂથોનાં પ્રતિનિધિઓએ વર્ણભેદી અને ધાર્મિક ગુના વિશેના અભ્યાસક્રમો તૈયાર કરવામાં પોતાનો ફાળો આપ્યો છે.

# 2 વર્ણભેદી કે ધાર્મિક ગુના એટલે અમે શું કહેવા માગીએ છીએ

## વર્ણભેદી કે ધાર્મિક બનાવો

સ્ટીવન લોરેન્સ ઈન્ક્વાયરી રીપોર્ટ ફેબ્રુઆરી 1999માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો, અને તેમાં વર્ણભેદી બનાવની વ્યાખ્યા આ રીતે કરવામાં આવી છેઃ

*"... એવો કોઈ પણ બનાવ જે તેનો ભોગ બનેલી વ્યક્તિ અથવા બીજી કોઈ વ્યક્તિના માનવા મુજબ વર્ણભેદી હોય."*

અમે આ વ્યાખ્યા સ્વીકારીએ છીએ.

ધાર્મિક બનાવની વ્યાખ્યા અમે આ રીતે કરીએ છીએઃ

*" તે બનાવ કોઈ વ્યક્તિના ધર્મ કે માની લેવામાં આવેલા ધર્મને કારણે પ્રેરિત છે, એવું તેનો ભોગ બનેલી વ્યક્તિ કે બીજી કોઈ વ્યક્તિનું માનવું હોય."*

આ બંને વ્યાખ્યાઓ અમને અમારા કેસની ફાઈલોમાં વર્ણભેદી કે ધાર્મિક બનાવો ઓળખવામાં મદદ કરે છે, જેથી કાયદેસર કાર્યવાહી કરવાના અમારા નિર્ણયો લેતી વખતે અમે તે કેસના વર્ણભેદ કે ધર્મને લગતાં પરિબળોને ધ્યાનમાં લઈએ તેની ખાતરી કરી શકીએ.

## બધા જ વર્ણભેદી કે ધાર્મિક બનાવો ગુનાકીય અપરાધ હોતા નથી.

આ ઉપરાંત, જો કોઈ બનાવ ગુનો બનતો હોય, તો પણ તેના માટે કોઈ કાયદેસર કાર્યવાહી કદાચ કરવામાં ન આવે, કારણ કેઃ

- કેસ ઉપર કાયદેસર કાર્યવાહી - પ્રોસિક્યુટ કરી શકાય તે માટે પૂરતા પુરાવાઓ કદાચ ન હોય;

- અને જો કોઈ ગુના પર કાયદેસર કાર્યવાહી - પ્રોસિક્યુટ કરી શકાય તેટલા પૂરતા પુરાવાઓ હોય, તો પણ અમુક વર્ણભેદી કે ધાર્મિક ગુના ઉપર કાયદેસર કાર્યવાહી - પ્રોસિક્યુટ કરવા માટે અથવા તે ગુનો વર્ણભેદ કે ધાર્મિક કારણોસર ઉશ્કેરાઈને કરવામાં આવ્યો હોવાનું સાબિત કરવા માટે પૂરતા પુરાવાઓ ન મળ્યા હોય.

કોઈ વર્ણભેદી કે ધાર્મિક બનાવ ગુનો બને છે કે નહિ અને કેસ પ્રોસિક્યુટ કરવા માટે પૂરતા પુરાવાઓ છે કે નહિ તે નક્કી કરવામાં અમારી મદદ કરવા માટે, અમે કોડ ફોર ક્રાઉન પ્રોસિક્યુટર્સ (ક્રાઉન પ્રોસિક્યુટરો માટેની આચારસંહિતા)નો ઉપયોગ કરીએ છીએ. આ કોડ વિશે અમે આ બયાનના ફકરા 5માં સમજાવ્યું છે.

## વર્ણભેદી કે ધાર્મિક ગુના

આ ગુના માટે, જ્યારે પ્રોસિક્યુટરે કોઈ ગુનાના ભાગ તરીકે વર્ણભેદી કે ધાર્મિક પરિબળ સાબિત કરવું પડે છે, અથવા જ્યારે ગુનેગારને સજા કરવામાં આવી રહી હોય ત્યારે તે પુરાવો કોર્ટ સમક્ષ રજૂ કરવાની કાયદો પ્રોસિક્યુટરને પરવાનગી આપે છે.

ફક્ત વર્ણભેદી ગુના કે ધાર્મિક ગુના માટેના કોઈ એકલ દોકલ ગુનાકીય અપરાધ હોતા નથી. એવા અનેક જુદા જુદા અપરાધો હોય છે જેમાં આરોપીને ગુનેગાર સાબિત કરવામાં આવતાં પહેલાં તે ગુનાના વર્ણભેદી કે ધાર્મિક પરિબળો સાબિત કરવાના હોય છે. આનું એક ઉદાહરણ, ફૂટબોલની મૅચમાં વર્ણભેદી સૂત્રો પોકારવામાં આવતા હોવાનું છે.

જ્યાં અમે વર્ણભેદી કે ધાર્મિક પરિબળ સાબિત કરી શકવાં જોઈએ તેવા અપરાધો ઉપરાંત, એવા કોઈ પણ અપરાધને વધારે ગંભીર હોવા તરીકે ગણવાની ક્રિમિનલ કોર્ટની ફરજ છે જ્યાં ભોગ બનેલી વ્યક્તિ કોઈ વર્ણીય કે ધાર્મિક જૂથની સભ્ય હોવાને કારણે આરોપીએ તેમની તરફ શત્રુતા દર્શાવી હોય અથવા શત્રુતાથી પ્રેરિત થયો હોય.

**વર્ણીય જૂથો** - એટલે કે લોકોનું એવું કોઈ પણ જૂથ જેઓ તેમના વર્ણ, રંગ, રાષ્ટ્રિયતા (નાગરિકત્વ સહિત) અથવા લઘુમતી કે રાષ્ટ્રિય વંશમૂળ દ્વારા ઓળખી શકાય તેમ હોય. આમાં
વર્ણભેદી અને ધાર્મિક ગુના એટલે અમે શું કહેવા માગીએ છીએ
નજરે પડતાં લઘુમતી કોમોનાં લોકો પણ હોઈ શકે છે.

કાયદેસર રીતે એવો અધિકૃત નિર્ણય લેવામાં આવ્યો છે કે જ્યૂઝ (યહુદીઓ) અની સીખોને વર્ણીય જૂથોની વ્યાખ્યામાં સમાવી લેવામાં આવે.

**ધાર્મિક જૂથો** - એટલે કે લોકોનું એવું કોઈ પણ જૂથ જેને તેમની ધાર્મિક માન્યતાને લીધે કે ધાર્મિક માન્યતા ન હોવાને લીધે ઓળખી શકાય તેમ હોય. દાખલા તરીકે, આમાં મુસલમાનો, હિન્દુ, અને ખ્રિસ્તીઓ, અને આ ધર્મોની અંદરના જુદા જુદા પંથો અને સંપ્રદાયોનો સમાવેશ થાય છે. તેમાં જે લોકો કોઈ પણ ધાર્મિક માન્યતા ન ધરાવતાં હોય તેમનો પણ સમાવેશ થાય છે.

# 3 ગુનાના પ્રકારો

અમુક અપરાધો માટે, આરોપીને દોષિત સાબિત કરવામાં આવે તે પહેલાં તેના વર્ણભેદી કે ધાર્મિક પરિબળ અમારે સાબિત કરવાં પડે છે. આ અપરાધો વિશે અને તેના માટે કોર્ટ શું સજા આપી શકે છે તે વિશે અમે **સૂચિ A** માં સમજાવેલું છે.

## વર્ણભેદથી કે ધાર્મિક કારણસર કરવામાં આવેલા અપરાધો

કેટલાક અપરાધો માટે ખાસ કરીને વર્ણભેદી કે ધાર્મિક કારણસર કરવામાં આવેલા હોવા તરીકે ચાર્જ કરવામાં આવી શકે છે.

આવા અપરાધો માટે અમારે પહેલાં એ સાબિત કરવાનું રહે છે કે ગુનેગારે અમુક **મૂળભૂત** ગુનામાંથી કોઈ ગુનો કરેલો છે અને તે પછી અમારે એવું સાબિત કરવું પડે છે કે તે ગુનો વર્ણભેદ કે ધાર્મિક **કારણથી પ્રેરાઈને કરવામાં આવેલ** હતો.

જે **મૂળભૂત** અપરાધો માટે ચાર્જ મૂકી શકાય છે તેમાં હુમલા કરવાના કે ઈજા પહોંચાડવાના, હેરાનતગતી, નુક્સાન તેમજ જાહેર વ્યવસ્થાને લગતા અપરાધો, જેમ કે લોકોમાં હિંસા કે હેરાનગતીનો ભય ફેલાવવાના ગુનાનો સમાવેશ થાય છે. જ્યારે આ અપરાધ માટે ખાસ કરીને વર્ણભેદ કે ધાર્મિક કારણથી પ્રેરાઈને કરવામાં આવ્યા હોવાનો ચાર્જ મૂકવામાં આવે છે ત્યારે તેના માટે વધારે ગંભીર સજા કરી શકાય છે.

વર્ણભેદી અને ધાર્મિક ગુના - સીપીએસ (CPS)ની પ્રોસિક્યુશનની નીતિ

બેમાંથી કોઈ એક રીતે સાબિત કરી શકીએ છીએ. અમારે એ સાબિત કરવું પડે છે કે:

- ભોગ બનેલી વ્યક્તિ કોઈ અમુક ચોક્કસ વર્ણના કે ધર્મના જૂથની હોવાને કારણે અથવા તે જૂથની હોવાનું માનવામાં આવતું હોવાને કારણે આરોપી વ્યક્તિએ તેમના પ્રતિ શત્રુતા દર્શાવી હતી - દાખલા તરીકે કોઈની ઉપર હુમલો કરતી વખતે વર્ણભેદી કે ધાર્મિક રીતે નિંદા કે અપમાન કરતી ભાષાનો ઉપયોગ કરવો;

અથવા

- આરોપી વ્યક્તિ એ જ કારણોસર ભોગ બનેલી વ્યક્તિ પ્રત્યે શત્રુતાભર્યું વર્તન કરવા માટે પ્રેરિત થઈ હતી - દાખલા તરીકે, આરોપીએ પોલીસ સમક્ષ કબૂલ કર્યું હોય કે તેણે કોઈ એશિયન દુકાનદારની બારી ઉપર ઈંટ ફેંકી હતી કારણ કે તેને એશિયન લોકો ગમતાં નથી.

ઉદ્દેશ સાબિત કરવાનું હંમેશાં મુશ્કેલ હોય છે અને મોટા ભાગનાં પ્રોસિક્યુશનો આરોપી વ્યક્તિએ ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ પ્રત્યે કરેલા દુશ્મનાવટભરેલા વર્તનને પરિણામે કરવામાં આવશે.

## વર્ણીય નફરતની ઉશ્કેરણી

આ અપરાધ ત્યારે થાય છે જ્યારે આરોપી વ્યક્તિ ભય પમાડતું નિંદાત્મક કે અપમાનજનક હોય તેવું કશું કહે કે કરે, અને તેમ કરીને તે વર્ણભેદી નફરત ફેલાવવાનો ઈરાદો ધરાવતી હોય અથવા તેના લીધે વર્ણભેદી નફરતની લાગણીઓનો ઉશ્કેરાટ ફેલાવવાની શક્યતા ઊભી થતી હોય. આમાં એવાં પ્રકારનાં ભાષણો કરવાં, વર્ણભેદી લખાણોવાળું પોસ્ટર લગાવવું, લેખિત સામગ્રી બહાર પાડવી, કોઈ નાટક કરવું કે પ્રચાર માધ્યમો ઉપર એવા પ્રકારનો પ્રચાર કરવાનો સમાવેશ થાય છે.

આ અપરાધ માટે સૌથી પહેલાં અમારે તેમનું વર્તન ભય પમાડનારું, નિંદાત્મક કે અપમાનજનક છે કે નહિ તે સાબિત કરવાનું હોય છે. આ શબ્દોને તેમનો સામાન્ય અર્થ આપવામાં આવ્યો છે પરંતુ કોર્ટોએ એવું બહાર પાડ્યું છે કે તે વર્તન ગુસ્સો ઊભો કરનારું, તોછડું કે પછી અપમાનજનક ન હોવા છતાંયે નિંદાત્મક પણ હોઈ શકે છે.

અમારે એ વાત પણ ધ્યાનમાં લેવી પડે છે કે અપરાધી વર્ણભેદી *નફરત*ની લાગણીઓનો ઉશ્કેરાટ ફેલાવવાનો ઈરાદો ધરાવતો હતો કે નહિ અથવા તેના પરિણામે વર્ણભેદી નફરત ઊભી થવાની શક્યતા હતી કે નહિ. નફરતની લાગણી ઘણી સખત હોય છે. વર્ણભેદી તનાવનો



માટે પૂરતું નથી.

કેટલીકવાર કોઈ વ્યક્તિ વર્ણભેદી નફરત ફેલાવવાનો ઈરાદો ધરાવતો હોવાનું ઘણું દેખીતું હોય છે, દાખલા તરીકે જ્યારે કોઈ વ્યક્તિ જાહેરમા ભાષણ આપીને અમુક ચોક્કસ લોકોના જૂથની તેમના વર્ણને કારણે ટીકા કરે અને ઈરાદાપૂર્વક બીજાં લોકોને તેમની વિરુદ્ધ થવા અને કદાચ હિંસા કરવા માટે પ્રોત્સાહિત કરે. જો કે, સામાન્ય રીતે આના પુરાવા જોઈએ એટલા સ્પષ્ટ

હોતા નથી અને અમારે કદાચ લોકોના ઈરાદાનું અનુમાન કરવા માટે તેમનાં કૃત્યો ઉપર આધાર રાખવો પડે એવું બને છે.

જો કોઈ વ્યક્તિ વર્ણભેદી નફરત ફેલાવવાનો ઈરાદો ધરાવતી હોવાનું અમે સાબિત નહિ કરી શકીએ, તો અમારે એવું બતાવવું પડે છે, કે બધા જ સંજોગોમાં નફરતની લાગણી ફેલાવવાની *સંભાવના* હતી. *'સંભાવના'*નો અર્થ એવો નથી કે વર્ણભેદી નફરત થવાની શક્ય હતી જ. એટલા માટે અમારે કોઈ પણ વર્તનની પૂર્વાપર પરિસ્થિતિની ઘણી સાવચેતીપૂર્વક તપાસ કરવી પડે છે, ખાસ કરીને તેના સંભવિત શ્રોતાઓના સંદર્ભમાં, કારણ કે તેમના માટે આ ઘણું સંબંધિત હશે.

આ અપરાધો પબ્લિક ઓર્ડર એક્ટ 1986માં જણાવવામાં આવ્યા છે, જે સામાન્ય રીતે હિંસા, ગેરવ્યવસ્થા, નુક્સાન કે ધમકીઓને લગતા ગુના રોકવા માટે બનાવવામાં આવ્યો છે. આ પ્રકારનું કોઈ ગુનાકીય કૃત્ય કરવાનું જોખમ આમ તો ઘણી વાર રહેલું હશે, પરંતુ તે ગુનાકીય કૃત્ય વર્ણના આધાર ઉપર નફરત ફેલાવવા માટે કરવામાં આવ્યું હોવાનું સાબિત કરવા માટે તેવું જોખમ હોવું આવશ્યક નથી.

જ્યારે લોકો બીજાં લોકોના વર્ણને કારણે તેમને નફરત કરતાં હોય ત્યારે, નફરતથી પ્રેરિત ગુનાઓના કૃત્યોમાં, અથવા તો અત્યાચાર, ભેદભાવ કે પૂર્વગ્રહોમાં તેમની તે નફરત ઘણી દેખીતી રીતે ઉઘાડી પડે છે. આ પ્રતિક્રિયાઓ દરેક વ્યક્તિમાં જુદી જુદી હશે, પરંતુ બધા જ પ્રકારની નફરતને લીધે તેનો ભોગ બનેલી વ્યક્તિના પર અને સમગ્ર સમાજ ઉપર હાનિકારક અસરો પડે છે, અને પ્રોસિક્યુશન યોગ્ય છે કે નહિ તેનો નિર્ણય લેતી વખતે ધ્યાનમાં લેવા માટે આ બાબત સંબંધિત છે.

મુક્ત, લોકતાંત્રિક અને સહનશીલ સમાજમાં લોકો પ્રમાણિકપણે પોતાનાં મંતવ્યોની આપલે કરી શકે તે આવશ્યક છે, પછી આના લીધે કદાચ અપરાધ થતો હોય તો પણ. પરંતુ, અભિવ્યક્તિની સ્વતંત્રતાના વ્યક્તિના અધિકારની સામે ગેરવ્યવસ્થા અને ગુના રોકવા માટે



આ નિર્ણયોમાં જાહેર નીતિના પ્રશ્નો સામેલ હોવાથી, સીપીએસ CPS ના મુખ્યમથકોમાં આવેલા નિષ્ણાત વકીલોની એક ટીમ આવા તમામ કેસો ઉપર પોલીસની ફાઈલોનું પુનઃઅવલોકન કરે છે અને પુરતા પુરાવાઓ છે કે નહિ તેનો નિર્ણય કરે છે. આ ઉપરાંત, વર્ણભેદી નફરતની ઉશ્કેરણી કરવાનો કેસ એટોર્ની જનરલની પરવાનગી વગર કરી શકાય નહિ, જેઓ ક્રાઉનના સીનિયર લો ઓફિસર છે.

કાયદામાં ફક્ત એવાં જ કૃત્યોને આવરી લેવામાં આવે છે જે વર્ણભેદી નફરત પ્રેરવાના ઈરાદાથી કરવામાં આવ્યાં હોય અથવા તેમ કરવાની સંભાવના હોય. આમ તો, ''વર્ણ'' કે ''વર્ણીય'' કોને કહેવાય તેની વ્યાખ્યા ઘણી વિસ્તૃત છે, પરંતુ તેમાં ''ધાર્મિક'' નફરતનો સમાવેશ થતો નથી તે સ્પષ્ટ છે.

## ધાર્મિક નફરતની ઉશ્કેરણી

ધાર્મિક નફરતના અપરાધને લગતા કાયદાની રચના સસંદ દ્વારા કરવામાં આવી હતી અને તે 1લી ઓક્ટોબર 2007થી અમલમાં આવ્યો હતો. જો કે, આ કાયદો, ધારાસભાએ પસાર કરેલા કાયદાના પુસ્તકમાં સમાવવામાં આવેલા વર્ણીય નફરતને લગતા કાયદા કરતાં ઘણો જુદો છે. તેમાં ફક્ત *ધમકી આપતા* શબ્દો અથવા વર્તનનો જ સમાવેશ કરવામાં આવે છે (અપમાન કે નિંદા નહિ) અને તે એવા શબ્દો કે વર્તનનો જ સમાવેશ કરે છે જે ધાર્મિક નફરત ફેલાવવાનો *ઈરાદો* ધરાવતાં હોય (જે નફરત ફેલાવવાની સંભાવના રાખતા હોય તેનો નહિ).

આથી, ધાર્મિક નફરત ફેલાવવાના ઈરાદાથી કરવામાં આવેલ અપમાનજન કે નિંદાત્મક વર્તન આ કાયદા હેઠળ અપરાધ બનતું નથી, તેમ જ ધાર્મિક નફરત ફેલાવવાની સંભાવનાવાળા ધમકી આપતા શબ્દો પણ અપરાધ ગણાતા નથી.

નવા કાયદામાં વણી લેવામાં આવેલા અભિવ્યક્તિની સ્વતંત્રતાના બચાવનો અર્થ એવો થાય છે કે કોઈ ધર્મની  કે તે પાળનારાં કે માનનારાં લોકોની ચર્ચા, ટીકા, દ્વેષ, અણગમો, મશ્કરી, અપમાન કે નિંદા થતી રોકવા કે તેની મનાઈ ફરમાવવા માટે આ કાયદાનો ઉપયોગ કરી શકાતો નથી.

આથી વર્ણીય નફરતની જેમ (જેના માટેનું ધોરણ પહેલેથી જ યોગ્ય રીતે ઊંચું છે), ધાર્મિક નફરતની ઉશ્કેરણી ફેલાવવા માટે પ્રોસિક્યુટ કરવાનું સહેલું નહિ બને.



પણ વર્ણીય નફરતની ઉશ્કેરણીના અપરાધોની જેવી જ ગોઠવણો હેઠળ કામ કરવામાં આવશે.

## ફૂટબોલ મેચોમાં વર્ણભેદી સૂત્રો પોકારવાં

ફૂટબોલની રમતો જોવામાં લાખો લોકો ભાગ લે છે અને તેની સીઝન દરમ્યાન ઘણાં તેની જીવંત મેચો રમાતી જોવા માટે જાય છે. જો કે પહેલાં હતી તેના કરતાં હવે સમૂહમાં વર્ણભેદી

સૂત્રો પોકારવાની સમસ્યા ઘણી ઓછી થઈ ગઈ છે, પરંતુ ફૂટબોલમાં પણ વર્ણભેદી હેરાનગતી અને સતામણીની સમસ્યાઓ હજુયે ચાલુ છે.

વર્ણભેદી સૂત્રો ઉચ્ચારવાનો અપરાધ ત્યારે થયો ગણાય છે જ્યારે કોઈ વ્યક્તિ અથવા લોકોનું જૂથ કોઈ ચોક્કસ ફૂટબોલ મેચમાં, એટલે કે પ્રીમિયર લીગ, ફૂટબોલ લીગ અથવા કોન્ફરન્સ લીગની ટીમો વચ્ચેની મેચમાં વારંવાર ''રેશિયલિસ્ટ'' - વર્ણભેદી પ્રકારના શબ્દો કે અવાજો ઉચ્ચારે કે પોકારે. ''રેશિયલિસ્ટ'' એટલે વર્ણભેદી.

જો ગુનો સાબિત થાય, તો વ્યક્તિને દંડ કરવામાં આવી શકે છે અને તે ઉપરાંત, આ દેશમાં અને વિદેશમાં કોઈ ફૂટબોલ મેચમાં હાજરી આપવાની મનાઈ ફરમાવવામાં આવી શકે છે.

આ અપરાધ ફૂટબોલનાં મેદાનોમાં કરવામાં આવતા અમુક પ્રકારના વર્ણભેદી વર્તન ઉપર પગલાં લેવા માટેનો છે, અને તે ધાર્મિક પ્રકારનાં સૂત્રો પોકારવા ઉપર સ્પષ્ટપણે લાગુ પડતો નથી, પરંતુ વર્ણભેદી કે ધાર્મિક ગુના નાથવાનો અમારી પાસે આ એકમાત્ર જ રસ્તો નથી.

અમુક પરિસ્થિતિઓમાં, ફૂટબોલને લગતા વર્ણભેદી કે ધાર્મિક ગુના ઉપર બીજા કાયદા લાગુ પાડીને વધારે યોગ્ય રીતે પગલાં લઈ શકાય છે, જેમ કે વર્ણભેદ કે ધાર્મિક ઉશ્કેરણી ફેલાવવાને લગતા જાહેર વ્યવસ્થાને લગતા અપરાધો. દાખલા તરીકેઃ

- જ્યારે કોઈ નિયત ફૂટબોલ મેચ વખતે સ્ટેડિયમની બહાર અપરાધ કરવામાં આવ્યો હોય;
- જાહેર વ્યવસ્થાને લગતો અપરાધ કરવામાં આવ્યો હોય જેમાં ભોગ બનેલી વ્યક્તિ તરફ વર્ણભેદને બદલે ધાર્મિક શત્રુતા દાખવવામાં આવી હોય;
- અમુક ચોક્કસ નિયુક્તી વગરની ફૂટબોલ મેચો, જેમ કે એમેચ્યોર રમતો;

ફોટબોલના સંદર્ભમાં કરવામાં આવતા વર્ણભેદી કે ધાર્મિક ગ્નુાઓ ઉપર અમે ધ્યાનપૂર્વક



વર્ણભેદી કે ધાર્મિક શત્રુતા કે ઉદ્દેશને ધ્યાનમાં લઈ શકે.

## ધર્મને લગતા બીજા અપરાધો

ધાર્મિક ઉશ્કેરણી મારફતે કરવામાં આવતા ગુના ઉપરાંત, ધર્મને લગતા બીજા પણ કેટલાક ગુના છે જેના માટે પ્રોસિક્યુટ કરી શકાય છે.

બ્લેસ્ફ્મિ (ઈશ્વર નિંદા) એ ખ્રિસ્તી ધર્મ ઉપર કરવામાં આવતો હુમલો હતો, જે બોલીને અથવા લેખિતમાં કરવામાં આવતો હતો અને તે એવી રીતે કરવામાં આવતો હતો કે જેને લીધે ખ્રિસ્તી ધર્મમાં માનનારા મોટા ભાગના લોકોને આઘાત લાગે અથવા તેમનામાં રોષ ની લાગણી ઉભી થાય. તેમ છતાં પણ, લોકોને ધર્મ વિરુધ પોતાના મંતવ્યો વ્યક્ત કરવાની છૂટ છે, એવી સમજણ સાથે કે તેમણે તે સમજદાર રીતે કરવું જોઇએ. આના પરિણામે તાજેતરના વર્ષોમાં બહુજ ઓછા પ્રોસિક્યૂશન આવ્યા છે, અને પાર્લમેન્ટના એક એક્ટ થી આ ગુનો, ૮ જુલાઈ ૨૦૦૮ થી સંપૂર્ણપણે નાબૂદ થયો છે.

પ્રોસિક્યુટ કરી શકાય તેવા ધર્મને લગતા બીજા અપરાધોમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- ધર્મ સ્થાનોમાં હિંસા કે અસભ્ય વર્તન;
- ધર્મગુરૂઓનું અપમાન કરવું અથવા તેમને ધાર્મિક કાર્યક્રમમાં કાર્ય કરતાં રોકવાં;
- કબ્રસ્તાનો અને સ્મશાનગૃહોમાં ખલેલ ઊભી કરવી; અને
- દફનવિધિમાં અડચણ કરવી કે રુકાવટ ઊભી કરવી.

આમાંના મોટા ભાગના અપરાધોને ખૂબ જ જૂના સંસદના કાયદામાં સમાવવામાં આવેલા છે અને તેમનો ભાગ્યે જ ઉપયોગ કરવામાં આવે છે કારણ કે તેમાં આવરી લેવામાં આવતા ગુનાકીય વર્તન ઉપર બીજા વધારે પરિચિત અપરાધો માટેના ચાર્જ લગાવીને પગલાં લઈ શકાય

ગુનાના પ્રકારો

## બીજા બધા અપરાધોમાં વર્ણભેદ કે ધર્મને લગતાં પરિબળોને ધ્યાનમાં લેવાં

જ્યારે કોઈ અપરાધ માટે ચોક્કસપણે વર્ણભેદી કે ધાર્મિક ઉશ્કેરણીથી કરવામાં આવેલા ગુના તરીકેનો અથવા ઉપર જણાવેલા અન્ય ગુનાનો ચાર્જ લગાવવામાં ન આવે, ત્યારે તેનો અર્થ એવો નથી કે તેમાં રહેલા વર્ણભેદ કે ધાર્મિક પરિબળને જોવામાં નહિ આવે. સ્પષ્ટપણે ફક્ત વર્ણભેદી કે ધાર્મિક ઉશ્કેરણીથી કરવામાં આવેલા જ ગુના તરીકે ચાર્જ કરવામાં ન આવેલા હોય તો પણ, ગમે તે કેસમાં તેના વર્ણભેદી કે ધાર્મિક પરિબળને લગતા પુરાવાઓ કોર્ટે ધ્યાનમાં લેવા જ પડે છે.

દાખલા તરીકે, જો કોઈ વ્યક્તિ એશિયન ટેક્સિ ડ્રાઈવરની ટેક્સિમાંથી એકદમ કૂદીને બહાર નીકળીને ડ્રાઈવરને પૈસા ચૂકવ્યા વગર ભાગી જાય, તો તે વ્યક્તિ ''પૈસા ચૂકવ્યા વગર ભાગી

ગયા હોવાનો'' ગુનો કરે છે. જો તે જ સમયે તે વ્યક્તિ એશિયનો વિશે કોઈ ટીકા કરે જેનાથી એવું સૂચન મળતું હોય કે ભાડું ચૂકવવા પાછળ તેનો વર્ણભેદી ઈરાદો હતો, તેને વર્ણભેદથી પ્રેરિત ગુના તરીકે ચાર્જ કરી શકાય નહિ. આનું કારણ એ છે કે ''પૈસા ચૂકવ્યા વગર ભાગી ગયા હોવાનો'' ગુનો ''મૂળભૂત'' અપરાધોમાંનો એક નથી, જેના માટે કાયદો અમને ખાસ કરીને વર્ણભેદી ઉશ્કેરણીથી કરેલા ગુના તરીકે ચાર્જ કરવાની પરવાનગી આપતો નથી.

પરંતુ, આનો અર્થ એવો નથી કે તેમાંના વર્ણભેદે લગતા પરિબળની અવગણના કરવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં, કોર્ટને તે ટીકા વિશે જાણ કરવામાં આવે તેની અમારે ખાતરી કરવી જ પડે છે અને તેના પરિણામે તે અપરાધ વર્ણભેદથી પ્રેરિત હતો તેવી દલીલ કરવી પડે છે. જો કોર્ટ આ સ્વીકારે, તો તેણે તેની વધારે મોટી સજા કરવાની રહેશે.

જ્યારે ગુનેગાર દોષિત હોવાનું સાબિત થાય છે અને તેને શું સજા કરવી તેનો કોર્ટ નિર્ણય લે છે ત્યારે તેમણે વર્ણીય કે ધાર્મિક ઉશ્કેરણીને લગતા પુરાવાઓ તે અપરાધને વધારે ગંભીર બનાવતા હોવા તરીકે ધ્યાનમાં લેવા જોઈએ. કોર્ટે તે હકીકત જાહેરમાં જણાવવી જ જોઈએ જેથી દરેક જણને ખબર પડે કે તે અપરાધને તેની વર્ણભેદી કે ધાર્મિક ઉશ્કેરણીને કારણે વધારે ગંભીરતા હોવા તરીકે ગણવામાં આવ્યો છે.

# 4 સીપીએસ CPS ની ભૂમિકા

સીપીએસ CPS ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમનો એક ભાગ છે, જેમાં પોલીસ, કોર્ટ, બચાવ પક્ષનાં વકીલો, નેશનલ પ્રોબેશન સર્વિસ National Probation Service, યૂથ ઓફેન્ડર ટીમો (વાયઓટી) Youth Offender Teams (YOTs), વિટનેસ સર્વિસ Witness Service અને પ્રિઝન સર્વિસ Prison Service જેવી અન્ય સંસ્થાઓનો પણ સમાવેશ થઈ જાય છે. અમે પોલીસ, સીપીએસ અને કોર્ટની મુખ્ય ભૂમિકાઓ **પરિશિષ્ટ B** માં આપવામાં આવેલા રેખાચિત્રમાં જણાવેલી છે.

અમે ઈંગ્લેન્ડ અને વેલ્સ માટેની એક જાહેર સેવા છીએ, જેના અધ્યક્ષ ડાઈરેક્ટર ઓફ પબ્લિક પ્રોસિક્યુશન્સ છે, જેઓ રેવન્યૂ એન્ડ કસ્ટમ્સ પ્રોસિક્યુશન્સ ઓફિસના ડાઈરેક્ટર પણ છે. અમારી સ્થાપના 1986માં પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહેલા કેસો ઉપર કાયદેસર કાર્યવાહી - પ્રોસિક્યુટ કરવા માટે કરવામાં આવી હતી. આમ તો અમે પોલીસ સાથે નિકટતાથી કામ કરીએ છીએ, પરંતુ અમે તેમનાથી સ્વતંત્ર છીએ. અમે એટોર્ની જનરલ મારફતે સંસદ પ્રતિ જવાબદાર છીએ, જેઓ ક્રાઉન માટેના સીનિયર લો ઓફિસર છે અને ગવર્નમેન્ટ મિનિસ્ટર પણ છે.

અમે એક રાષ્ટ્રિય સંસ્થા છીએ, જે 42 વિસ્તારોને આવરી લે છે. દરેક વિસ્તારના અધ્યક્ષ તરીકે ચીફ ક્રાઉન પ્રોસિક્યુટર હોય છે અને તેઓ કોઈ એક પોલીસ દળના વિસ્તાર સાથે જોડાયેલા હોય છે, આમાંથી એક વિસ્તાર લંડનને આવરી લે છે. આ 42 વિસ્તારોને હવે 14 સ્ટ્રેટેજિક બોર્ડનાં જૂથો તરીકે વહેંચી દેવામાં આવ્યા છે, સીપીએસ લંડન સિવાય, જેનું પોતાનું વહીવટતંત્ર છે, અને તેની આગેવાની ચીફ ક્રાઉન પ્રોસિક્યુટર ઓફ લંડન દ્વારા કરવામાં આવે છે. દરેક સ્ટ્રેટેજિક બોર્ડની આગેવાની ગ્રુપ ચેર ચીફ ક્રાઉન પ્રોસિક્યુટર દ્વારા કરવામાં આવે છે.

# 5 ક્રાઉન પ્રોસિક્યુટરો માટેનો કોડ (આચારસંહિતા)

ક્રાઉન પ્રોસિક્યુટરો માટેના કોડ (આચારસંહિતા) જણાવે છે કે કોઈ કેસ ઉપર કાયદેસર કાર્યવાહી કરવી કે નહિ - પ્રોસિક્યુટ કરવા કે નહિ તેના નિર્ણયો અમે કેવી રીતે લઈએ છીએ. આ કોર્ડ જાહેર દસ્તાવેજ છે. પોલીસ દ્વારા અમને મોકલવામાં આવતા કેસોની અમે આ કોડમાં જણાવવામાં આવેલી કસોટી અનુસાર સમીક્ષા કરીએ છીએ. આ કસોટીના બે તબક્કા છે.

## પુરાવાઓનો તબક્કો

સૌથી પહેલાં અમને એ વાતનો સંતોષ થવો જ જોઈએ કે દરેક ચાર્જ ઉપર દરેક આરોપીને ગુનેગાર સાબિત કરવા માટે વાસ્તવિક સંભાવનાઓ પૂરી પાડી શકાય તેટલા પૂરતા પુરાવાઓ છે. એટલે કે જ્યુરી અથવા મેજિસ્ટ્રેટોની સમિતિ અથવા કેસ સાંભળી રહેલા એક જજને કાયદા અનુસાર યોગ્ય દિશાસૂચન આપવામાં આવે, તો વધુ સંભવિત છે કે મૂકાયેલા આરોપો માટે પ્રતિવાદીને ગુનેગાર સાબિત ન થવાને બદલે તેને ગુનેગાર પુરવાર કરી શકાય છે.

ગુનો સાબિત થવા માટે, અમારે કેસ સાબિત કરવો પડે છે જેથી પ્રતિવાદી દોષિત છે એમ કોર્ટને ખાતરી થઈ જાય.

જો કેસ પુરાવાઓની સબળતાના આધાર પર આ પહેલા તબક્કામાં (પુરાવાઓના તબક્કામાં) પાર ન ઉતરે, તો તે આગળ ન જ વધવો જોઈએ, પછી ભલે તે ગમે તેટલો અગત્યનો કે ગંભીર હોય. અમે પહેલાં પણ સમજાવ્યું છે કે વર્ણભેદી/ધાર્મિક બનાવ હોવા તરીકેની વ્યાખ્યા પૂરી કરતો દરેક કેસ પ્રોસિક્યુટ કરવામાં આવે તેવું જરૂરી નથી. કોર્ટ પ્રતિવાદીને ગુનેગાર સાબિત કરશે તેવો અમને સંતોષ થાય તેટલા પૂરતા પુરાવા કદાચ ન પણ હોય.

## જાહેર હિતનો તબક્કો

જો કેસ પુરાવાનો તબક્કો પસાર કરી લે, તો જાહેર હિતમાં પ્રોસિક્યુશન કરવાનું જરૂરી છે કે નહિ તેનો અમારે નિર્ણય લેવો જ પડે છે. સામાન્ય રીતે પ્રોસિક્યુશન કરવામાં આવશે, સિવાય કે: ''પ્રોસિક્યુશન કરવાને બદલે પ્રોસિક્યુશનની વિરૂદ્ધમાં ઊભા થતાં જાહેર હિતનાં પરિબળો વધારે તરફદારીમાં હોય.''

જાહેર હિતના તબક્કાનો વિચાર કરતી વખતે, ક્રાઉન પ્રોસિક્યુટરે ''તે ગુનાની શું અસરો થઈ છે તે વિશે ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ દ્વારા વ્યક્ત કરવામાં આવેલાં કોઈ પણ મંતવ્યોને ધ્યાનમાં લેવાં જોઈએ. યોગ્ય કેસોમાં, દાખલા તરીકે માનવહત્યાના કેસમાં અથવા જ્યાં ગુનાનો ભોગ બનેલ વ્યક્તિ બાળક હોય અથવા માનસિક ક્ષમતાની ખામીવાળી કોઈ પુખ્ત વયની વ્યક્તિ હોય ત્યાં, પ્રોસિક્યુટરોએ ગુનાનો ભોગ બનેલ વ્યક્તિનાં કુટુંબીજનો દ્વારા વ્યક્ત કરવામાં આવેલાં કોઈ પણ મંતવ્યો ધ્યાનમાં લેવાં જોઈએ.'' જાહેર હિત ક્યાં રહેલું છે તેનો નિર્ણય કરતી વેળાએ અમે હંમેશાં બનાવનો ભોગ બનેલી વ્યક્તિના હિતનો ઘણી સાવધાનીપૂર્વક વિચાર કરીએ છીએ. પરંતુ બહોળી રીતે અમે જાહેર જનતાના હિતમાં કેસો પ્રોસિક્યુટ કરીએ છીએ અને ફક્ત કોઈ એકલદોકલ વ્યક્તિના હિતમાં નહિ. આ સમતોલન રાખવામાં ક્યારેક મુશ્કેલીઓ પડી શકે છે. ભોગ બનેલી વ્યક્તિનાં મંતવ્યો અને હિત અગત્યનાં છે, પરંતુ સીપીએસ પ્રોસિક્યુશનના વિષય ઉપર તે આખરી હોઈ શકે નહિ.

ભોગ બનેલી વ્યક્તિના લઘુમતી કે રાષ્ટ્રિય વંશમૂળ અથવા ધાર્મિક માન્યતાને કારણે તેમના પ્રત્યે દાખવવામાં આવેલી શત્રુતાથી પ્રેરિત કોઈ પણ અપરાધોને અમે વધારે ગંભીર હોવા તરીકે ગણીએ છીએ. આ ઉપરાંત, તદ્દન નજીવા જણાતા વર્ણભેદી કે ધાર્મિક ગુનાની અસર તેનો ભોગ બનનાર વ્યક્તિ ઉપર ઘણા મોટા પ્રમાણમાં અસર પડી શકે છે. તેના પરિણામે, અમારી પાસે મોકલવામાં આવતા વર્ણભેદી અને ધાર્મિક નફરતથી કરાયેલા ગુનામાં જાહેર હિતની બાબત લગભગ હંમેશાં પ્રોસિક્યુશનની તરફેણમાં હશે.

અમે ધ્યાનમાં લઈશું તેવા જાહેર હિતનાં બીજાં કેટલાંક પરિબળો છે:

- અપરાધની ગંભીરતા;
- ભોગ બનેલી વ્યક્તિને થયેલી ઈજાઓ - શારીરિક અને/અથવા માનસિક;
- પ્રતિવાદીએ હથિયારનો ઉપયોગ કર્યો હતો કે નહિ;
- પ્રતિવાદીએ હુમલો કરતાં પહેલાં કે તે પછી કોઈ ધમકીઓ આપી છે કે નહિ;
- પ્રતિવાદીએ પહેલેથી આયોજન કરીને હુમલો કર્યો હતો;
- પ્રતિવાદી ફરીથી ગુનો કરે તેવી શક્યતાઓ છે;

- ભોગ બનેલી વ્યક્તિના અથવા બીજાં કોઈ ઉપર, જેઓ કદાચ તેમાં સંડોવાયેલાં હોય કે સંડોવાઈ શકે તેમ હોય તેમના આરોગ્ય અને સુરક્ષા ઉપરનું જોખમ ચાલુ રહે;
- પ્રતિવાદી સાથે ભોગ બનેલી વ્યક્તિના સંબંધો; અને
- પ્રતિવાદીનો ગુનાકીય ઈતિહાસ, ખાસ કરીને અરક્ષિત લોકો ઉપર તેણે ભૂતકાળમાં કોઈ અપરાધો કરેલા છે કે નહિ.

થ્રેશોલ્ડ ટેસ્ટ

જ્યારે પણ શક્ય હશે ત્યારે ક્રાઉન પ્રોસિક્યુટરો ફૂલ કોડ ટેસ્ટ (આચાર સંહિતાની સંપૂર્ણ ચકાસણી) લાગુ પાડશે. પરંતુ ક્યારેક એવા પણ કેસો હશે જ્યારે ધરપકડ કરવામાં આવેલી વ્યક્તિને જામીન આપવાનું યોગ્ય ન હોય, પરંતુ ચાર્જ મૂકવાના સમયે બધા જ પુરાવાઓ ઉપલબ્ધ ન હોય, તો ચાર્જ મૂકવાનો નિર્ણય લેવો પડે છે.

આવા કેસોમાં, જ્યારે તપાસ અધૂરી રહી ગઈ હોય તો તે પછી સી.પી.એસ. થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પાડી શકે ખરા. પરંતુ, થ્રેશોલ્ડ ટેસ્ટ ત્યારે જ લાગુ પાડી શકાય છે જ્યારે નીચે જણાવેલી બધી જ શરતો પૂરી કરવામાં આવતી હોયઃ

- ફૂલ કોડ ટેસ્ટ લાગુ પાડવા માટે પૂરતા પુરાવાઓ ન હોય;
- વાજબી સમયમાં બીજા વધારે પુરાવાઓ મળી આવશે તેવું માનવાનાં વાજબી કારણો હોય;
- સંજોગોની ગંભીરતા તાત્કાલિક ચાર્જ મૂકવા માટેના નિર્ણયને યોગ્ય ઠેરવતી હોય; અને
- જામીનનો વિરોધ કરવા માટે સતત રીતે સબળ કારણો ઉપલબ્ધ હોય.

જ્યાં આ તમામ શરતો પૂરી કરવામાં આવતી હોય ત્યાં થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પાડી શકાય અને શકમંદ પર ચાર્જ લગાવી શકાય, પરંતુ તો જ જોઃ

- ધરપકડ કરવામાં આવેલી વ્યક્તિએ ગુનો કર્યો હોવાની શંકા થવા માટેનાં ઓછામાં ઓછાં વાજબી કારણો હોય;
- પ્રોસિક્યુટરને એ વાતનો સંતોષ થાય કે બીજા વધારે પુરાવાઓ પૂરા પાડવામાં આવશે એવું માનવા માટેનાં વાજબી કારણો છે, જેના લીધે ફૂલ કોડ ટેસ્ટ અનુસાર વ્યક્તિનો ગુનો સાબિત કરવા માટેની વાસ્તવિક સંભાવનાઓ મળી રહેશે; અને
- જો એવું હોય તો પ્રોસિક્યુટ કરવાનું જાહેર હિતમાં રહેશે.

થ્રેશોલ્ડ ટેસ્ટ હેઠળ ચાર્જ મૂકવાના નિર્ણયને સમીક્ષા હેઠળ રાખવો જ જોઈએ અને જ્યારે પણ વાજબી રીતે વ્યવહારૂ હોય ત્યારે ફૂલ કોડ ટેસ્ટ લાગુ પાડવામાં આવવો જ જોઈએ.

આ કોડ જાહેર દસ્તાવેજ છે. તેની નકલો આ સરનામેથી CPS Communication Branch, CPS Communication Division, Rose Court, Southwark Bridge, SE1 9HF, અથવા સીપીએસની સ્થાનિક ઓફિસમાંથી કે અમારી આ વેબસાઈટ પરથી મેળવી શકાય છે

http://www.cps.gov.uk/victims_witnesses/code.html

# 6 કયા ચાર્જીસ માટે પ્રોસિક્યુટ કરવા તેનો નિર્ણય લેવો

કેસની ગંભીરતાને અનુરૂપ હોય અને કોર્ટ યોગ્ય સજા ફરમાવી શકે તેવા ચાર્જીસ જ અમારે લગાવવા જોઈએ. આ ચાર્જીસ એવા હોવા જોઈએ જેનાથી અમને અમારો કેસ સ્પષ્ટપણે અને સરળતાથી રજૂ કરવામાં મદદ થાય.

અમુક પરિસ્થિતિઓમાં, કેવા પ્રકારના ચાર્જ માટે પ્રોસિક્યુટ કરવામાં આવી રહ્યા છે તેના આધાર પર, અમારે મૂળભૂત ગુના માટેના ચાર્જનો પણ સમાવેશ કરવો પડે છે, જેથી જો તે ચાર્જનો વર્ણભેદી કે ધાર્મિક ગુનાનો ભાગ સાબિત ન થાય, તો પણ કોર્ટ આરોપીને તે મૂળભૂત ગુના માટે ગુનેગાર ઠેરવી શકે. અમે જ્યારે આવું કરીએ છીએ ત્યારે તેનો અર્થ એવો નથી કે અમે આરોપીને ફક્ત મૂળભૂત ગુના માટેનો જ દોષ કબૂલ કરવાનું કહીએ છીએ, તેનો અર્થ એવો પણ નથી કે કેસ નબળો હોવાનું અમે માનીએ છીએ.

2004થી, શકમંદ ઉપર (બધા જ પરંતુ મોટા ભાગના નાના કેસોમાં) ગુનાકીય અપરાધનો ચાર્જ લગાવવામાં આવવો જોઈએ કે નહિ, અને જો ચાર્જ લગાવવામાં આવે તો તે ચાર્જ કયો કે કયા હોવા જોઈએ તેનો નિર્ણય કરવાની જવાબદારી અમારી છે. જ્યારે શકમંદ વ્યક્તિએ વર્ણીય કે ધાર્મિક રીતે ઉશ્કેરણી કરતો અપરાધ કર્યો હોવાની પોલીસને વાજબીપણે શંકા હોય ત્યારે, તેમણે તે કેસ ક્રાઉન પ્રોસિક્યુટર પાસે મોકલી આપવો *જ પડે છે* જેઓ તે અપરાધ માટે ચાર્જ મૂકવો કે નહિ તેનો નિર્ણય લેશે.

# 7 જામીન

કોઈ વ્યક્તિ ઉપર જ્યારે કોઈ અપરાધ માટેનો ચાર્જ લગાવવામાં આવે છે તે પછી, આગામી ઉપલબ્ધ કોર્ટની સુનાવણીમાં જવા માટે (સામાન્ય રીતે ચાર્જ લગાવ્યાના બેથી પાંચ દિવસની અંદર) તે વ્યક્તિને જામીન ઉપર છોડવી કે પછી તે વ્યક્તિને તે દિવસે અથવા બીજા દિવસે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા માટે કસ્ટડીમાં રાખવી તેનો નિર્ણય પોલીસ કરે છે. એકવાર આરોપીને કોર્ટ સમક્ષ રજૂ કરી દેવામાં આવ્યા પછી, મેજિસ્ટ્રેટો પ્રોસિક્યુશન અને બચાવ પક્ષની દલીલો સાંભળ્યા બાદ તેને જામીન આપવા કે નહિ તેનો નિર્ણય કરે છે. જામીન આપવાના નિર્ણય સામે અમુક સંજોગોમાં અમે અપીલ કરી શકીએ છીએ.

ગુનાનો ભોગ બનેલાં લોકો કે સાક્ષીઓનું જોખમ, ધમકીઓ, દબાણ કે આરોપીનાં અન્ય કૃત્યોથી રક્ષણ કરવા માટે, કે જેના લીધે કદાચ ન્યાયની કાર્યવાહીમાં અડચણ પેદા થઈ શકે, અમે કોર્ટને આરોપીના જામીન ઉપર શરતો લાગુ પાડવા માટે કહી શકીએ અથવા આરોપીને કસ્ટડીમાં રીમાન્ડ ઉપર રાખવા માટે અમે કોર્ટને કહી શકીએ. જો કોર્ટને સંતોષ થશે કે જામીન નહિ આપવા માટેનાં સાબૂત કારણો છે તો જ તે આ માટે મંજૂર થશે.

કોર્ટ જે શરતો લાગુ પાડી શકે છે તેમાં નામ જણાવવામાં આવેલી અમુક વ્યક્તિને નહિ મળવાનો કે તેની પાસે નહિ જવાનો કે અમુક ચોક્કસ વિસ્તારોથી દૂર રહેવાની શરતોનો સમાવેશ થઈ શકે છે. અમારા નિર્ણયો લેવામાં, ગુનાનો ભોગ બનેલાં લોકો કે સાક્ષીઓને હેરાનગતી થવાના કે ફરીથી ગુનો થવાના લાગતા ડર વિશે પોલીસે અમને આપેલી માહિતીને અમે ધ્યાનમાં લઈએ છીએ. જામીનની શરતોના અમુક સામાન્ય ઉદાહરણો **સૂચિ C** માં જણાવવામાં આવ્યાં છે.

જામીનની શરતોમાં કોઈ ફેરફારો વિશે અથવા આરોપી વ્યક્તિની કસ્ટડીની પરિસ્થિતિમાં ફેરફાર વિશે ગુનાનો ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓને પોલીસ અથવા અમે માહિતીગાર રાખીએ તે માટે અમે પોલીસ અને કોર્ટ્સની સાથે મળીને કામ કરીએ છીએ.

# 8 કેસ સાબિત કરવા માટે કયા પુરાવાઓની જરૂર છે તેનો નિર્ણય કરવો

પોલીસની તપાસ અત્યંત ઝીણવટભરી હોય અને તમામ ઉપલબ્ધ પુરાવાઓ એકઠા કરવામાં આવે છે અને અમારા ધ્યાન પર લાવવામાં આવે છે તેની ખાતરી કરવા માટે અમે પોલીસ સાથે નિકટતાથી કામ કરીએ છીએ. અમુક કિસ્સાઓમાં, અમે કદાચ પોલીસને તપાસની બીજી સંભવિત કડીઓ અનુસરવા માટે પણ સલાહ આપી શકીએ. આમાં ભોગ બનેલી તે જ વ્યક્તિને અથવા તે જ શકમંદ વ્યક્તિને કે પછી તે જ સ્થળને સંડોવતા ભૂતકાળમાં રીપોર્ટ કરવામાં આવેલા બનાવો ઉપર નજર નાંખવાનો સમાવેશ થઈ શકે. બધા જ કેસોમાં, પ્રોસિક્યુટરે કેસના ઓફિસર સાથે સીધા જ સંપર્ક વાતચીત કરવી જોઈએ, જેથી તમામ ઉપલબ્ધ પુરાવાઓ મેળવવામાં આવ્યા હોવાની અને સીપીએસ CPSને મોકલવામાં આવ્યા હોવાની ખાતરી કરી શકાય જેથી અમે કેસની સંપૂર્ણ સમીક્ષા કરી શકીએ. આમાં ખાસ કરીને એક જ વ્યક્તિને વારંવાર ભોગ બનાવવામાં આવતી હોય તેવી પરિસ્થિતિઓમાં આ ઘણું અગત્યનું હોય છે.

અમે પુરાવાઓ ઉપર સાવચેતીપૂર્વક વિચારણા કરીશું અને શક્ય તેટલો જલદી અમારો નિર્ણય લઈશું. મોડું થયા વગર કોર્ટમાં કેસ આગળ વધે છે તેની પણ ખાતરી કરવાનો અમે પ્રયત્ન કરીશું.

ઘણા વર્ણભેદી કે ધાર્મિક ગુનાઓમાં ઘણીવાર તેનો ભોગ બનેલી વ્યક્તિ જ એકમાત્ર તેની સાક્ષી હોય છે. એટલે કે જો પ્રતિવાદી પોતાનો ગુનો કબૂલી ન લે, અથવા જો ટેકારૂપ સબળ પુરાવા ન હોય, તો સામાન્ય રીતે ભોગ બનેલી વ્યક્તિએ કોર્ટમાં પોતાની જુબાની આપવાની જરૂરી રહેશે.

પરંતુ, કેસ સાબિત કરવા માટે, ભોગ બનેલી વ્યક્તિને જુબાની આપવા માટે કોર્ટમાં લઈ આવવાનું જ પૂરતું હોવાનું અમે માની લઈશું નહિ. ભોગ બનેલી વ્યક્તિની જુબાનીના ટેકામાં અથવા તેના બદલે બીજા કયા પુરાવાઓ લાવી શકાય તેમ છે તેનો પણ અમે વિચાર કરીશું.

## જ્યારે ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ પોતાની ફરિયાદ પાછી ખેંચી લે અથવા જુબાની આપવા માટે તૈયાર ન થાય ત્યારે

કેટલીકવાર ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ પ્રોસિક્યુશનને પોતાનો ટેકો પાછો ખેંચી લે અને જુબાની આપવા માટે તૈયાર ન થાય તેવું બની શકે. આનો અર્થ એવો નથી કે કેસ આપમેળે બંધ થઈ જશે. જો ભોગ બનેલી વ્યક્તિએ પ્રોસિક્યુશન માટેનો પોતાનો ટેકો પાછો ખેંચી લેવાનો નિર્ણય કર્યો હશે, તો શા માટે તેમણે એવું કર્યું છે તે અમારે જાણવાનું રહેશે. આના લીધે હકીકતોની તપાસ કરવા માટે અને શું પગલાં લેવાનું સૌથી યોગ્ય રહેશે તે નક્કી કરવા માટે કોર્ટની સુનાવણી પાછી ઠેલવી પડે.

અમે નીચેનાં પગલાં લઈશું:

- જો ભોગ બનેલી વ્યક્તિ પોતાનો ટેકો પાછો ખેંચી લેવાનું નક્કી કરે, તો તેની પાછળનાં કારણો સમજાવતું, અસલ ફરિયાદ સાચી હતી તે ચોક્કસ કરતું લેખિત બયાન તે વ્યક્તિ પાસેથી લેવાનું અને ટેકો પાછો ખેંચી લેવા માટે ભોગ બનેલી વ્યક્તિ ઉપર કોઈ દબાણ મૂકવામાં આવ્યું છે કે કેમ તે જાણવાનું અમે પોલીસને કહીશું; અને
- કેસમાં જુબાની વિશે પોતાનાં મંતવ્યો આપવાનું અને જો ભોગ બનેલી વ્યક્તિને કોર્ટમાં આવવાની ફરજ પાડવામાં આવે તો તેની તેઓ કેવી પ્રતિક્રિયા આપશે તેવું લાગે છે તે જણાવવાનું અમે પોલીસને કહીશું.

જો ફરિયાદ પાછી ખેંચી લીધા પછી ભોગ બનેલી વ્યક્તિનું બયાન, તેમણે પહેલા આપેલા બયાન જેવું એકસરખું જ નહિ હોય, તો તે બયાન શા માટે બદલાયું છે તે પોલીસ ભોગ બનેલી વ્યક્તિને પૂછશે એવી અમે તેમની પાસેથી અપેક્ષા રાખીએ છીએ.

જો ભોગ બનેલી વ્યક્તિ ચોક્કસ કરે કે અસલ ફરિયાદ સાચી હતી, તો અમે પહેલાં એ વિચારીશું કે તેમની જુબાની વગર પ્રોસિક્યુશન ચાલુ રાખવાનું **શક્ય** છે કે નહિ (પુરાવાની કસોટી), અને તે પછી, જો શક્ય હશે, તો ભોગ બનેલી વ્યક્તિના ટેકા વગર/ભોગ બનેલી વ્યક્તિની ઈચ્છા વિરુદ્ધમાં અમારે તે કેસ ચાલુ રાખવો જોઈએ કે નહિ (જાહેર હિતની કસોટી).

ભોગ બનેલી વ્યક્તિ હવે શા માટે જુબાની આપવા માગતી નથી, તેનાં કારણો પ્રોસિક્યુશન જાણવા માગશે. વર્ણભેદી કે ધાર્મિક ગુનાના કેસોમાં, આનું કારણ કદાચ ભોગ બનેલી વ્યક્તિ કદાચ એવા સ્થળે રહેતી હોઈ શકે જ્યાં તેમને એકલું લાગતું હોય કે ખાસ કરીને અસુરક્ષાની લાગણી થતી હોય તે હોઈ શકે (અને અમે માનીએ છીએ કે એકલા પડી ગયાં હોવાની કે

અસુરક્ષાની લાગણીને કારણે કદાચ ભોગ બનેલી વ્યક્તિ બનાવની જાણ કરતાં અચકાતી હોય કે ગભરાતી હોય તેવું બની શકે છે), જ્યાં પ્રોસિક્યુશનને ટેકો આપવાથી કદાચ ભોગ બનેલી વ્યક્તિને વધારે નુક્સાન થવાનું જોખમ ઊભું થઈ શકે તેમ હોય. આવા કેસોમાં, પ્રોસિક્યુટરે ભોગ બનેલી વ્યક્તિને તેમની ચિંતાઓ દૂર કરવા માટે કદાચ મદદ કરી શકે તેવાં કોઈ પણ ખાસ પગલાં કે તેમને અમુક રીતે મદદ કરી શકે તેવો બીજો કોઈ ઉપલબ્ધ ટેકો પૂરો પાડવાનું વિચારવું જ જોઈએ.[1]

જો અમને એવી શંકા જશે કે ભોગ બનેલી વ્યક્તિ ઉપર ફરિયાદ પાછી ખેંચી લેવા માટેનું દબાણ મૂકવામાં આવ્યું છે કે તેમને ડરાવવામાં આવ્યાં છે, તો તેની આગળ તપાસ કરવા માટે અમે પોલીસને કહીશું. આ તપાસમાં કદાચ બીજા નવા અપરાધો થયા હોવાનું સામે આવી શકે, દાખલા તરીકે, હેરાનગતી અથવા સાક્ષીઓને ધાકધમકીઓ આપવી, અથવા જામીનની શરતોનો કદાચ ભંગ કરવામાં આવ્યો હોય. જો જરૂર લાગશે, તો અમે કોર્ટને સુનાવણી પાછી ઠેલવા માટે કહીશું, જેથી કેસના ભવિષ્યનો અમે કોઈ નિર્ણય લઈએ તે પહેલાં કેસ વિશે સંપૂર્ણ વિગતવાર તપાસ કરી શકાય. જો ભોગ બનેલી વ્યક્તિ કે સાક્ષીએ ટેકો પાછો ખેંચી લેવા પાછળનું કારણ તેમનો ડર કે ધાકધમકીઓ હશે, તો પ્રોસિક્યુટર તે પુરાવાને ધ્યાનમાં લેશે અને બીજા કોઈ ચાર્જીસ લગાવવા કે નહિ, તેનો નિર્ણય કરશે, દાખલા તરીકે સાક્ષીને ધમકાવવાનો ચાર્જ મૂકવો કે નહિ.

પ્રોસિક્યુશન માટે આગળ વધવું કે નહિ તેનો નિર્ણય લેતાં પહેલાં આ બધા જ વિકલ્પોની અમે પૂરેપૂરી તપાસ કરીશું. અમારો તે નિર્ણય લેવામાં ભોગ બનેલી વ્યક્તિ કે બીજા કોઈ પણ સંભવિત અરક્ષિત લોકોની સુરક્ષાનો અમે સૌથી પહેલાં વિચાર કરીશું.

## ભોગ બનેલી વ્યક્તિની ઈચ્છા વિરુદ્ધ કેસ ચાલુ રાખવો

સામાન્ય રીતે, અપરાધ જેટલો વધારે ગંભીર હોય (દાખલા તરીકે, તેમાં વાપરવામાં આવેલી હિંસાના પ્રમાણને લીધે અથવા ભોગ બનેલી વ્યક્તિ કે બીજાં લોકો ઉપર ખરેખરો કે સતત ખતરો ચાલુ રહેતો હોવાને લીધે), તેટલી જ જાહેર હિતમાં તે અમે કેસ પ્રોસિક્યુટ કરીએ તેવી શક્યતા વધારે છે. પછી ભલે ભોગ બનેલી વ્યક્તિ અમે તેમ ન કરીએ તેવું ઈચ્છતી હોવાનું તેમણે અમને કહેલું હોય.

---

[1] પ્રોસિક્યુટરનું વચનઃ ‘‘ભોગ બનેલી વ્યક્તિની ખાસ જરૂરતો પૂરી કરવી અને જ્યાં યોગ્ય ઠેરવવામાં આવ્યું હોય ત્યાં કોર્ટને યોગ્ય અરજી કરીને તેમની ઓળખનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરવો’’ અને ‘ધ કોડ ઓફ પ્રેક્ટિસ ફોર વિક્ટિમ્સ ઓફ ક્રાઈમ’, (ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની વર્તનની આચારસંહિતા)ની કલમ 7.8 જણાવે છે કે સીપીએસ CPS નાં પ્રોસિક્યુટરોએ સંભવતઃ અરક્ષિત અથવા ભયભીત સાક્ષીઓ માટેની ખાસ ગોઠવણો કરવાની અરજીઓ કરવાનું વિચારવું જ જોઈએ.

જ્યાં અમારી પાસે પૂરતા પ્રમાણમાં બીજા પુરાવાઓ હશે, તેવા કેસોમાં અમે ભોગ બનેલી વ્યક્તિની જુબાની ઉપર જરા પણ આધાર રાખ્યા વગર જ કેસમાં આગળ વધવાનું નક્કી કરી શકીએ.

જો અમે કેસ ચાલુ રાખવો જોઈએ એવું નક્કી કરીશું અને કેસ સાબિત કરવા માટે ભોગ બનેલી વ્યક્તિની જુબાની ઉપર આધાર રાખવો જરૂરી હશે, તો અમારે નીચેની બાબતો નક્કી કરવાની રહેશેઃ

- ભોગ બનેલી વ્યક્તિએ કોર્ટમાં જુબાની આપવા માટે આવવાની જરૂર પડ્યા વગર તેમણે આપેલા બયાનનો ઉપયોગ પુરાવા તરીકે કરવા માટે અમારે કોર્ટને અરજી કરવી જોઈએ કે નહિ;
- ખાસ પગલાંનો ઉપયોગ કરીને ભોગ બનેલી વ્યક્તિને કોર્ટમાં હાજર રહેવામાં મદદ કરીને અમે પ્રોસિક્યુશનમાં આગળ વધી શકીએ તેમ છીએ કે નહિ; અને
- ભોગ બનેલી વ્યક્તિને કોર્ટમાં રૂબરૂમાં જુબાની આપવા માટેની અમારે ફરજ પાડવી જોઈએ કે નહિ.

જ્યાં ભોગ બનેલી વ્યક્તિએ પ્રોસિક્યુશન માટેનો પોતાનો ટેકો પાછો ખેંચી લીધો હોય તેવા કેસોમાં આગળ કેવી રીતે વધવું તેનો સાચો નિર્ણય લેવામાં પ્રોસિક્યુટરની મદદ માટે પાર્શ્વભૂમિકાની માહિતી અત્યંત અગત્યની છે.

જ્યારે ભોગ બનેલી વ્યક્તિએ પ્રોસિક્યુશન માટેનો પોતાનો ટેકો પાછો ખેંચી લીધો હોય તેવા વર્ણભેદ કે ધાર્મિક ઉશ્કેરણીથી કરાયેલા અપરાધોના કેસોમાં આગળ વધવાનું જાહેર હિતમાં છે તેનો નિર્ણય લેવામાં શેનાથી અમારી મદદ થાય છે તેનાં કેટલાંક ઉદાહરણો નીચે આપેલાં છેઃ

- અપરાધની ગંભીરતા;
- ભોગ બનેલી વ્યક્તિને થયેલી ઈજાઓ, શારીરિક કે માનસિક;
- પ્રતિવાદીએ હથિયારનો ઉપયોગ કર્યો હતો કે નહિ;
- હુમલો કરતાં પહેલાં કે તે પછી પ્રતિવાદીએ કોઈ ધમકીઓ આપી હતી કે નહિ;
- પ્રતિવાદીએ પહેલેથી વિચાર કરીને હુમલો કર્યો હતો કે કેમ;
- પ્રતિવાદી ફરીથી ગુનો કરે તેની શક્યતાઓ;
- ભોગ બનેલી વ્યક્તિ અથવા સંડોવાયેલી કે સંડોવાઈ શકે તેવી બીજી કોઈ વ્યક્તિના આરોગ્ય અને સુરક્ષા ઉપર ચાલુ રહેતું જોખમ;
- પ્રતિવાદી સાથે ભોગ બનેલી વ્યક્તિના સંબંધો;

- પ્રતિવાદીનો ગુનાકીય ઈતિહાસ, ખાસ કરીને વર્ણ કે ધર્મના આધાર પર તેણે પહેલાં કોઈ ગુના કરેલા છે કે નહિ; અને
- ગુનો જ્યાં કરવામાં આવ્યો હોય તે વિસ્તારમાં તે મોટા પ્રમાણમાં ફેલાયેલો છે કે કેમ.

ગુનાનો ભોગ બનેલી વ્યક્તિને તેમની ઈચ્છા વિરુદ્ધ જુબાની આપવા માટે પ્રોસિક્યુટર તો જ બોલાવશે, જો તેમને પોલીસ તેમજ બીજા કોઈ હિતસંબંધી પક્ષો સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ આવું પગલું લેવાનું જરૂરી હોવાનો સંતોષ થશે.

ભોગ બનેલી વ્યક્તિને કોર્ટમાં મૌખિક જુબાની આપવા માટે બોલાવ્યા વગર તેમનું બયાન વાપરવાની કાયદો અમને પરવાનગી આપે છે, પરંતુ ઘણા ઓછા સંજોગોમાં. ફક્ત કોર્ટ જ નક્કી કરી શકે છે અને જો આવું કરવાનું ન્યાયના હિતમાં હશે તો તેઓ અમને તેમ કરવા દેશે. જો ભોગ બનેલી વ્યક્તિ તે ગુનાની એકમાત્ર સાક્ષી હોય, તો કેસના મુખ્ય સાક્ષીની જ જ્યારે બચાવપક્ષ ઉલટ તપાસ કરી શકે તેમ ન હોય તો યોગ્ય ન્યાય કરી શકાશે તેવો કોર્ટને સંતોષ કરાવવાનું મુશ્કેલ બની શકે.

ગુનાનો ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓએ જ્યારે જુબાની આપવા માટે કોર્ટમાં હાજરી આપવી પડે છે ત્યારે અમને ખબર છે કે તેમને તે વાતની ચિંતા થતી હશે અને તેમને કદાચ વ્યવહારૂ અને લાગણીશીલ ટેકાની જરૂર પડી શકે. તેમનો આ ડર દૂર કરવા અને તેમનાથી શક્ય તેટલી સારી રીતે જુબાની આપવામાં મદદ કરવા માટે અમે લઈ શકીએ તેવાં કેટલાંક પગલાં અમે ફકરા 9 માં સમજાવેલાં છે.

## પાર્શ્વભૂમિકાની માહિતી

### *ખરાબ ચારિત્ર્ય*

કેટલીકવાર જુબાની આપવાને લગતા કાનૂની નિયમોને કારણે કોઈ વ્યક્તિ દોષિત હોવાનું સૂચવતી હોય તેવી કેટલીક માહિતીનો કોર્ટમાં ઉપયોગ કરી શકાતો નથી અને કોઈ કેસમાં અમે આગળ વધી શકીએ કે નહિ તેનો નિર્ણય લેતી વખતે અમારે આ વાત ખ્યાલમાં રાખવી પડે છે.

કોઈ માહિતીનો ઉપયોગ પ્રતિવાદીનો દોષ સાબિત કરવામાં ન કરી શકાય તેમ હોય તો પણ, તે કદાચ પાર્શ્વભૂમિકાની કોઈ અગત્યની માહિતી હોઈ શકે જેનાથી પ્રોસિક્યુટર તે અપરાધને યોગ્ય સંદર્ભમાં મૂકી શકે. દાખલા તરીકે, ભોગ બનેલી વ્યક્તિ ઉપર વારંવાર હુમલા કરવામાં આવ્યા હોય અને જો પ્રોસિક્યુશન કેસ આગળ ન વધારે તો તેના પરિણામસ્વરૂપે તેમના ઉપર અમુક પ્રકારનું જોખમ ઊભું થતું હોય, જેમ કે ઘર ખાલી કરવું પડે.

કેટલીક માહિતી હાઉસિંગ ઓથોરિટીઓ અથવા કોઈ સ્વૈચ્છિક સંસ્થાઓ જેવાં સ્થળોએથી મેળવવી પડે. આ બધી જ માહિતી પોલીસે એકઠી કરીને સીપીએસ CPS પ્રોસિક્યુટરને આપવી જ જોઈએ.

## ભોગ બનેલી વ્યક્તિનાં અંગત બયાનો

પ્રોસિક્યુટર અને કોર્ટ માટે માહિતીનું બીજું અગત્યનું સ્થાન ભોગ બનેલી વ્યક્તિનું અગંત બયાન 'વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ' Victim Personal Statement હોય છે. બનાવનો ભોગ બનેલી વ્યક્તિ દ્વારા આપવામાં આવતું આ બયાન હોય છે જેમાં તે ગુનાની તેમના જીવન પર શું અસરો પડી છે તે સમજાવવામાં આવેલું હોય છે.

આવું બયાન આપવું કે નહિ તે ભોગ બનેલી વ્યક્તિ પસંદ કરી શકે છે અને સાક્ષીનું બયાન - વિટનેસ સ્ટેટમેન્ટ આપ્યાના તુરંત બાદ તેમને આ બયાન આપવા માટે બોલાવવામાં આવશે. વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ ટ્રાયલ પહેલાં કોઈ પણ સમયે અને એક કરતાં વધારે વાર કરી શકાય છે. તેમાં ભોગ બનેલી વ્યક્તિ ઉપર ગુનાને લીધે લાંબા સમય માટે થયેલી અસરો વિશે જેટલી વધારે માહિતી આપવામાં આવી હશે તેટલું જ તે બયાન વધારે ઉપયોગી રહેવાની શક્યતા છે.

વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટથી પ્રોસિક્યુટર તે ગુનાની અસરો સમજી શકે છે અને તેમને તે માટેનો યોગ્ય ચાર્જ લગાવવામાં મદદ મળે છે. ભોગ બનેલાં લોકો જણાવી શકે છે કે આરોપીને જામીન પર છોડવા વિશે તેમને કોઈ ચિંતા છે કેમ, તેમને ભય લાગે છે કે ડર લાગે છે અને તેમને કોઈ સ્વૈચ્છિક સંસ્થા તરફથી ટેકાની જરૂર છે કે નહિ.

જો વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ કરવામાં આવ્યું હોય, તો અમે કોર્ટને તેના વિશે જણાવીશું, જેથી જામીન અને સજા વિશેના નિર્ણયો લેવામાં તેનાથી કોર્ટને મદદ થઈ શકે. વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટોનો ઉપયોગ સજા દરમ્યાન કેવી રીતે કરવામાં આવે છે તે વિશે વધારે માહિતી ફકરા 11માં આપવામાં આવી છે.

# 9 ગુનાનો ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓને જુબાની આપવામાં મદદ કરવી

અમે જ્યારે કેસો પ્રોસિક્યુટ કરીશું ત્યારે સાંસ્કૃતિક અને ધાર્મિક સંવેદનાઓને ધ્યાનમાં રાખવાનો પ્રયત્ન કરીશું.

કોઈ સાક્ષીને કોર્ટમાં આવવાનું કહેવામાં આવે તે પહેલાં તેમના સંજોગો વિશે શક્ય તેટલી વધારે માહિતી જાણવાનો અમે પ્રયત્ન કરીશું, જેમ કે સોગંદ લેવા માટે તેઓ કયા ધાર્મિક પુસ્તકનો ઉપયોગ કરવાનું પસંદ કરશે અથવા સાક્ષી વચનમાં બંધાવા ઈચ્છે છે કેમ.

સુનાવણીની તારીખો કે અપોઈન્ટમેન્ટો નક્કી કરતી વખતે, અમે એ ખાતરી કરીશું કે ધાર્મિક તહેવારો જેવી બાબતોને ધ્યાનમાં લેવામાં આવે.

ઉંમર, અસમર્થતા, જાતીય અભિગમ, લિંગ કે લૈંગિક ઓળકને લગતી કોઈ પણ સંવેદનશીલ બાબતોને ધ્યાનમાં લેવાનો અમે પ્રયત્ ન કરીશું, જેથી સાક્ષીઓ જ્યારે અમને મળે ત્યારે અથવા કોર્ટમાં જાય ત્યારે તેમને બને તેટલી ઓછી અગવડ લાગે.

## ખાસ પગલાં

અમુક સંજોગોમાં, ''ખાસ પગલાં''ની સહાયતાથી સાક્ષીને જુબાની આપવા દેવા માટે કોર્ટ કદાચ પરવાનગી આપે. આ ખાસ પગલાં લેવાની જરૂરત વિશે પહેલાં પોલીસ દ્વારા અને તે પછી પ્રોસિક્યુટર દ્વારા તપાસ કરવામાં આવવી જોઈએ. જરૂરતોનું મૂલ્યાંકન કરવામાં આવ્યા બાદ, વિટનેસ કેર ઓફિસર પણ તેમાં પોતાનું યોગદાન આપી શકે છે, પરંતુ તે માટેની મંજૂરી આપવામાં આવવી જોઈએ કે નહિ તેનો નિર્ણય કોર્ટ કરશે. 'કોડ ઓફ પ્રેક્ટિસ ફોર વિક્ટિમ્સ ઓફ ક્રાઈમ' ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની વર્તનની આચારસંહિતાની કલમ 7.8 જણાવે છે કે સીપીએસના પ્રોસિક્યુટરે સાક્ષી તરીકે જુબાની આપવા માટે બોલાવવામાં આવનારાં સંભવતઃ અરક્ષિત કે ભયભીત લોકો માટે ખાસ પગલાં લેવા માટેની અરજીઓ કરવાનું વિચારવું જ જોઈએ.

આ ખાસ પગલાં ક્રાઉન કોર્ટ અને મેજિસ્ટ્રેટ્સ કોર્ટ બંને જગ્યાએ મળી શકે છે. તે નીચેનાં સાક્ષીઓને મદદ કરવા માટે ઉપલબ્ધ હોય છેઃ

- 17 વર્ષથી નાનાં બાળકો;
- પુખ્ત વયનાં લોકો (17 વર્ષથી વધુ ઉંમરનાં) જેમને કોઈ અક્ષમતા, જેમ કે શારીરિક કે માનસિક વિકૃતિ[2] અથવા શીખવાની અસમર્થતાને કારણે તેઓ અરક્ષિત હોવાનું ગણવામાં આવતું હોય; અને
- જે સાક્ષીઓ ભયભીત હોવાને કારણે તેમની જુબાની પર અસર પડી શકે તેમ હોય (દાખલા તરીકે, તેમને જુબાની આપવાનો ડર લાગતો હોય કે તેના વિશે તનાવમાં હોય).

ખાસ પગલાંથી અરક્ષિત કે ભયભીત લોકોને શક્ય તેટલી સારી રીતે અને શક્ય તેટલા ઓછા તનાવથી પોતાની જુબાની આપવામાં મદદ કરી શકાય છે.

ખાસ પગલાંમાં બીજી બધી બાબતોની સાથે નીચેની બાબતોનો પણ સમાવેશ થાય છેઃ

- ભોગ બનેલી વ્યક્તિ કે સાક્ષીઓનાં વિડિયો પર રેકોર્ડ કરાયેલાં બયાનો કોર્ટ સમક્ષ વગાડવાં (તપાસ દરમ્યાન પોલીસ દ્વારા અગાઉ લેવામાં આવેલાં);
- કોર્ટના રૂમમાં પડદો રાખવાની પરવાનગી આપવી જેથી ભોગ બનેલી વ્યક્તિ કે બીજાં સાક્ષી અને પ્રતિવાદી એકબીજાંને જોઈ ન શકે;
- જીવંત ટેલિવિઝન લિન્ક મારફતે કોર્ટ રૂમથી દૂરના કોઈ સ્થળે રહીને જુબાની આપવી (પરંતુ તો પણ પ્રતિવાદી તેમને જોઈ શકશે);
- જાતીય ગુનાના કેસોમાં કે ધાકધમકી આપવાના કેસોમાં જાહેર જનતાએ બેસવાની ગેલેરી ખાલી કરાવવી.

ખાસ પગલાં લેવા માટે અમારે કોર્ટને કહેવું પડે છે અને તે માટે આપમેળે મંજૂરી આપવામાં આવતી નથી.

[2] આમાં કોઈ અમુક ખાસ બીમારી સાથે રહેતી કોઈ વ્યક્તિનો સમાવેશ થાય છે, જેના લીધે જો હકીકતનો બહોળા પાયે પ્રચાર થવાનો હોય, તો તેઓ પ્રોસિક્યુશનની કાર્યવાહી આગળ વધારતાં અટકી જઈ શકે.

સાક્ષી માટે ખાસ પગલાંની મંજૂરી આપવી કે નહિ તેનો વિચાર કરતી વખતે કોર્ટે અમુક બાબતોને ધ્યાનમાં લેવી પડે છે. જેમ કેઃ

- સાક્ષીની સામાજિક અને સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકા અને લઘુમતી વંશમૂળ;
- સાક્ષીની ધાર્મિક માન્યતાઓ; અને
- સાક્ષી તરફ અને/અથવા તેનાં કુટુંબીજનો કે બીજાં સંબંધીઓ તરફ પ્રતિવાદીનું વર્તન.

સાક્ષી કેવી રીતે પોતાની જુબાની આપવા માગે છે તે વિશે તેમણે જો કોઈ પોતાનાં મંતવ્ય વ્યક્ત કર્યાં હોય તો તે પણ કોર્ટે ધ્યાનમાં લેવાં પડે છે.

આ યાદી સંપૂર્ણ નથી અને કોર્ટને ધ્યાનમાં લેવા યોગ્ય લાગે તેવી બીજી કોઈ પણ બાબત તેઓ ધ્યાનમાં લઈ શકે છે.

સાક્ષી માટે ખાસ પગલાંની અરજી કરવામાં અમારી મદદ કરી શકે તેવી તમામ ઉપલબ્ધ માહિતી અમારી પાસે હોય તે અગત્યનું છે. સામાન્ય રીતે પોલીસ અથવા વિટનેસ કેર ઓફિસર તે માહિતી અમને મોકલી આપશે. કેટલીકવાર, અમે સીધા જ સાક્ષીને મળીને પણ માહિતી મેળવી શકીએ.

## સીપીએસ CPS અને ભોગ બનેલાં અરક્ષિત અથવા ભયભીત લોકો અને સાક્ષીઓ વચ્ચે મીટિંગ

જ્યાં અમે ખાસ પગલાં માટે કોર્ટને અરજી કરવાનું નક્કી કરીશું ત્યાં સાક્ષી પ્રોસિક્યુટરને મળવા માગે છે કે નહિ તે જાણકારી મેળવવાનું અમે પોલીસને કહીશું.

આવી મીટિંગનો હેતુ વિશ્વાસ અને ભરોસો બેસાડવાનો છે અને તેનાથી અમે સાક્ષીઓને તેમની જરૂરતોને ધ્યાનમાં લેવામાં આવશે એવી હૈયાધારણ આપી શકીએ છીએ. જો અમે ખાસ પગલાં માટેની અરજી નહિ કરવાનું નક્કી કર્યું હશે ત્યારે પણ અમે આવી મીટિંગ ગોઠવવાનું કહીશું, જેથી અમે તે નિર્ણય સમજાવી શકીએ. સાક્ષીએ એકલાંએ આ મીટિંગમાં આવવું પડે એવું નથી. તેઓ પાર્ટનર, કોઈ સગાં, મિત્ર કે પછી ટેકો આપનાર બીજી કોઈ વ્યક્તિને સાથે લઈને આવી શકે છે. ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ સાથે વાતચીતની સરળતા કરી આપવા માટે, મીટિંગમાં કોઈ દુભાષિયા કે એવી બીજી કોઈ વ્યક્તિને હાજર રાખવાનું કદાચ યોગ્ય હોઈ શકે.

જ્યારે પણ શક્ય હશે ત્યારે, સીપીએસ cps પ્રોસિક્યુટર એ વાતની ચોક્સાઈ કરશે કે ટ્રાયલ ચલાવનારા એડવોકેટ પણ સીપીએસ cps અને સાક્ષી વચ્ચેની મીટિંગમાં હાજરી આપે. સીપીએસ cps પ્રોસિક્યુટર ગુનાનો ભોગ બનેલી વ્યક્તિને કોર્ટથી પરિચિત કરાવવા માટેની મુલાકાત ગોઠવવાની પણ ઓફર કરશે.

અરક્ષિત કે ભયભીત સાક્ષીઓ સાથેની મીટિંગો વિશેની વધારે માહિતી (સાક્ષીઓ, સીપીએસ cps પ્રોસિક્યુટર સાથે તમારી મીટિંગ) નામની પત્રિકામાં આપવામાં આવેલી છે. આ પત્રિકા તમને આ સરનામેથી CPS Communication Division, Rose Court, 2 Southwark Bridge, London SE1 9HS અથવા અમારી આ વેબસાઈટ પરથી મળી શકશેઃ

http://www.cps.gov.uk/publications/prosecution/witnesseng.html

## બેનામીપણું (નામ ખાનગી રાખવું)

ભોગ બનેલાં ઘણાં લોકો અને સાક્ષીઓને તેમની અંગત સલામતીની ચિંતા હોય છે અને ખાસ કરીને તેમને એ વાતની ચિંતા હોય છે કે તેમની અંગત વિગતો અથવા તેમના વિશેની માહિતી જાહેર થઈ જશે અને તેના લીધે તેમના પર બીજા વધારે હુમલા કે હેરાનગતી થવાનું જોખમ ઊભું થશે.

સામાન્ય રીતે, અમારી ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમનો એ પાયાનો સિદ્ધાંત છે કે ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તે લોકોને તેમણે જેમના પર ગુનો આચર્યો હોય તેમનું નામ જાણવાનો અધિકાર છે. મોટા  ભાગની ગુના ઉપરની કાયદેસર કાર્યવાહીઓ જાહેરમાં કરવામાં આવે છે, અને સાક્ષીઓની ઓળખ વિશેની માહિતી જાહેર રેકોર્ડની બાબત બનશે.

પરંતુ, સાક્ષીઓનાં સરનામાં પ્રતિવાદી સમક્ષ જાહેર કરવામાં આવતાં નથી, સિવાય કે તેમને પહેલેથી ખબર હોય (દાખલા તરીકે, જ્યાં કોઈ પાડોશી દ્વારા અપરાધ કરવામાં આવ્યો હોય) અથવા પુરાવાના હેતુસર તેની જરૂર પડે, તો તે સિવાય કોર્ટની કાર્યવાહીઓમાં તેમનો ઉલ્લેખ કરવામાં આવશે નહિ.

અમુક પરિસ્થિતિઓમાં કોર્ટ સાક્ષીને ખુલ્લી કોર્ટમાં પોતાનું નામ નહિ કહેવા મંજૂરી આપી શકે છે. કોર્ટ જે એક બાબત ધ્યાનમાં લેશે તે, કોઈ વ્યક્તિગત સાક્ષીનું નામ લેવાથી ભવિષ્યમાં તેના જેવા બીજા કેસોમાં બીજાં સાક્ષીઓ પાસેથી જુબાની લેવાનું વધારે મુશ્કેલ બની શકે તેમ છે કે નહિ.

ગંભીર જાતીય ગુનાનો ભોગ  બનેલાં લોકોને કાયદાકીય  બાબત તરીકે અખબારોમાં પોતાની ઓળખ છૂપાવવાનો હક છે, કોર્ટમાં તેમનું નામ આપવામાં આવ્યું હોય તો પણ.

બીજા કેસોમાં, જો કોર્ટને એમ લાગે કે સાક્ષીની અંગત વિગતો પ્રચાર માધ્યમોમાં જાહેર થવાથી તે સાક્ષીની જુબાનીની ગુણવત્તા પર અસર પડી શકે તેમ છે અથવા સાક્ષીને તે કેસમાં પોતે સાક્ષી હોવા તરીકે જાહેર થઈ જવામાં ડર લાગતો હોવાને લીધે તેઓ કેસની કાર્યવાહીમાં સહકાર આપવાનું ઓછું કરી દે તેમ છે, તો માધ્યમોને તે વિગતો જાહેર કરવા ઉપર મનાઈ ફરમાવવાની કોર્ટ પાસે સત્તા છે. આવી માહિતીના પ્રકાશન ઉપર પ્રતિબંધ મૂકતા કોર્ટના ઓર્ડર સામે જાહેર રીપોર્ટીંગના હિતમાં આનો વિરોધ કરવાનો પ્રચાર માધ્યમોના પ્રતિનિધિઓને હક છે.

## ગુનાનો ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓ માટે ટેકો

ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓને ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમના ઘણીવાર મુશ્કેલીભર્યા અનુભવમાંથી પસાર થવામાં મદદ કરવા માટેનાં વ્યવહારૂ રીતે શક્ય તમામ પગલાં લેવા માટે સીપીએસ CPS પૂરેપૂરી કટીબદ્ધ છે. અમે માનીએ છીએ કે વર્ણભેદી અને ધાર્મિક ઉશ્કેરણીથી થયેલા ગુનાનો ભોગ બનેલાં લોકો કદાચ અવિશ્વાસના ભયને કારણે અથવા તો આ સિસ્ટમમાં સંકળાયેલાં લોકો સાથેના તેમના ભૂતકાળના અનુભવને કારણે તેવા બનાવોની જાણ કરતાં અચકાય તેવું બની શકે છે.

ખાસ પગલાં જેવાં ઉપાયો, સીપીએસ CPS અને ભોગ બનેલાં અરક્ષિત તેમજ ભયભીત લોકો અને સાક્ષીઓ વચ્ચેની મીટિંગો અને સીપીએસનાં કર્મચારીઓ અને પોલીસ અધિકારીઓ દ્વારા ચલાવવામાં આવતા કર્તવ્યનિષ્ઠ વિટનેસ કેર યૂનિટ Witness Care Unit ની સ્થાપના તે બધી જ સગવડો ભોગ બનેલાં લોકોનો ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમમાં વિશ્વાસ વધારવા માટે છે. તદ્દન શરૂઆતના તબક્કેથી જ પોલીસ તેમજ અન્ય સહાય સંસ્થાઓ તરફથી ટેકો પણ મળી શકે છે, જે પ્રોસિક્યુશનના સમગ્ર સમય દરમ્યાન મળવાનું ચાલુ રહી શકે છે.

મેજિસ્ટ્રેટ્સ કોર્ટ્સમાં અને ક્રાઉન કોર્ટ્સમાં વિટનેસ સર્વિસ Witness Service હોય છે, જે વિક્ટિમ સપોર્ટ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા છે. આ સેવા વિશેની વધારે માહિતી સ્થાનિક પોલીસ પાસેથી અથવા સ્થાનિક વિક્ટિમ સપોર્ટ ગ્રુપ પાસેથી (ફોન નંબર 0845 30 30 900) મળી શકે છે. કેટલીક કોર્ટ્સમાં નિષ્ણાત ચાઈલ્ડ વિટનેસ સર્વિસ પણ હોય છે.

જો જરૂર લાગે તો કોર્ટથી પરિચિત થવા માટે અગાઉથી કોર્ટની મુલાકાત લેવાની ગોઠવણ વિટનેસ સર્વિસ Witness Service નાં સભ્યો કરી આપી શકે છે અને કોર્ટમાં શું થઈ શકે તે સમજાવી શકે છે. પરંતુ, તેમને કેસની વિગતો વિશે ચર્ચા કરવાની પરવાનગી નથી.

કોર્ટની કાર્યવાહીઓ માટે જ્યારે દુભાષિયાની જરૂર હોય ત્યારે તે ઉપલબ્ધ હોય તે માટેની યોગ્ય ગોઠવણો કરવાની અમે ખાતરી કરી શકીએ છીએ.

જ્યારે કોઈ સાક્ષી કોર્ટમાં આવશે ત્યારે કેસની રજૂઆત કરી રહેલાં સીપીએસ CPS પ્રોસિક્યુટર અથવા સીપીએસ કેસવર્કર તેમને પોતાનો પરિચય આપશે અને સાક્ષીએ કદાચ પૂછવા હશે તેવા કોઈ સામાન્ય પ્રશ્નોના જવાબ આપશે. કેસની વિગતોની સાક્ષી સાથે ચર્ચા કરવાની તેમને પરવાનગી નથી.

કેટલીકવાર, પ્રોસિક્યુટ કરી રહેલી વ્યક્તિ બેરિસ્ટર (જેમને કાઉન્સેલ પણ કહેવામાં આવે છે) અથવા સોલિસિટર હોઈ શકે જેઓ સીપીએસના સભ્ય હોતાં નથી પરંતુ તેમને કોર્ટમાં કેસ રજૂ કરવા માટે અમે કામ પર રાખેલાં હોય છે. અમે કામ પર રાખેલા દરેક બેરિસ્ટર કે સોલિસિટિર અમારી નીતિઓ અને કાર્યપદ્ધતિઓથી પરિચિત હોય અને તેમના અનુસાર કામ કરે તેવી અમે અપેક્ષા રાખીએ છીએ.

કોર્ટમાં હાજરી આપવા માટે અમે સાક્ષીને તેનો વાજબી ખર્ચ ચૂકવી આપીશું.

જો સાક્ષીઓને રાહ જોતાં બેસાડી રાખવામાં આવશે, તો મોડું થવા પાછળનું કારણ અને તેમણે ક્યારે જુબાની આપવા આવવું પડશે તેનો અંદાજિત સમય તેમને જણાવવામાં આવે છે તેની અમે ખાતરી કરીશું.

જ્યારે પણ શક્ય હશે ત્યારે, પ્રોસિક્યુશનના સાક્ષીઓ માટે બેસવાની અલગ સગવડો કરવામાં આવી હોવાની અમે ખાતરી કરીશું જેથી તેમણે પ્રતિવાદી સાથે કે તેમના મિત્રો કે કુટુંબીજનો સાથે હળવું મળવું ન પડે, અને સામેના પક્ષનાં લોકોએ પણ તેમ કરવું ન પડે.

## પ્રોસિક્યુટરનું વચન

આ દસ મુદ્દાનું વચન છે જેમાં પ્રોસિક્યુટર પાસેથી કેવા સ્તરની સેવા મેળવવાની ભોગ બનેલી વ્યક્તિ અપેક્ષા રાખી શકે છે તે વર્ણવવામાં આવ્યું છે. પ્રોસિક્યુટરના વચન - પ્લેજથી એ વાતની ખાતરી થવી જોઈએ કે ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓની અમુક ચોક્કસ જરૂરતો પૂરી કરવામાં આવે છે; કે કોર્ટમાં તેમને તેમના લેખિત બયાન કે વિડિયો ઈન્ટરવ્યૂમાં કહેલી

વાતો યાદ દેવડાવવામાં મદદ કરવામાં આવે છે; અને તેમના ચારિત્ર્ય ઉપર અણધાર્યા કે અસંબંધિત હુમલાથી તેમનું રક્ષણ કરવામાં આવે છે.

પ્રોસિક્યુટરનું વચન અમારી આ વેબસાઈટ પરથી મેળવી શકાય છેઃ

http://www.cps.gov.uk/publications/prosecution/prosecutor_pledge.html

# 10 દોષિત હોવાની કબૂલાતનો સ્વીકાર કરવો

જ્યારે કેસમાં વર્ણભેદ કે ધાર્મિક પરિબળ હોવાનું પુરવાર કરવા માટેના પુરાવા ઉપલબ્ધ હશે ત્યારે, ટ્રાયલ દરમ્યાન અથવા તો જ્યારે કોર્ટ સજા સંભળાવવાનું વિચારી રહી હશે ત્યારે આ પુરાવા તેમની સમક્ષ રજૂ કરવામાં આવે છે તેની અમે ખાતરી કરીશું.

આનો અર્થ એ થાય કે જ્યારે ઉશ્કેરણીથી કરવામાં આવેલા અપરાધનો ચાર્જ મૂકવામાં આવ્યો હોય, ત્યારે **અમે ફક્ત મૂળભૂત ગુના માટે દોષિત હોવાની કબૂલાતનો સ્વીકાર કરીશું નહિ, સિવાય કે તેમ કરવા માટેનાં કોઈ યોગ્ય કારણો હોય.** આનું ઉદાહરણ એ હોઈ શકે કે જ્યારે અપરાધના ઉશ્કેરણીના પરિબળને પુરવાર કરવા માટે જરૂરી પુરાવા ઉપલબ્ધ ન રહ્યા હોય અથવા જ્યારે કોર્ટ જુબાની આપવા દેવાનો ઈનકાર કરે.

કોઈ કબૂલાત સ્વીકારવી કે નહિ તેનો વિચાર કરતી વખતે, એટોર્ની જનરલની 2005ની માર્ગદર્શિકા હેઠળની અમારી ફરજો અનુસાર, અમે જ્યારે પણ શક્ય હશે ત્યારે તેની ભોગ બનેલાં લોકો કે તેમનાં કુટુંબીજનો સાથે ચર્ચા કરીશું, જેથી અમે તેમને પરિસ્થિતિ સમજાવી શકીએ અને યોગ્ય નિર્ણય લેવામાં અમારી મદદ કરવા માટે તેમનાં મંતવ્યો અને હિતોને ધ્યાનમાં લઈ શકીએ. અમે તેમને માહિતગાર રાખીશું અને કોર્ટમાં અમારા નિર્ણયો લેવામાં આવ્યા પછી તેમને તે સમજાવીશું.

ગેરમાર્ગે દોરતી કે ખોટી હકીકતો ઉપર દોષિત હોવાની કબૂલાતના આધારો મંજૂર કરવામાં આવશે નહિ અને તેમાં ભોગ બનેલી વ્યક્તિનાં હિતોને યોગ્ય રીતે ગણતરીમાં લેવામાં આવશે.

# 11 સજા સંભળાવવી

વર્ણભેદી કે ધાર્મિક ઉશ્કેરણીના પુરાવાઓ કેસને વધારે ગંભીર બનાવે છે અને આરોપીને સજા સંભળાવતી વખતે આને ધ્યાનમાં લેવાની અને તેણે તેમ કર્યું છે તેની સ્પષ્ટતા કરવાની કોર્ટની ફરજ બને છે. વર્ણભેદી કે ધાર્મિક ઉશ્કેરણીના પુરાવાઓને બાકાત રાખીને અમે કેસ ખરેખર હોય તેના કરતાં ઓછો ગંભીર બનાવીશું નહિ. જો કે, કાયદો પરવાનગી આપતો હોય અને કેસ સાથે સંબંધિત હોય તેવી જ સામગ્રી અમે કોર્ટ સમક્ષ રજૂ કરી શકીએ છીએ. આ ફરજ બજાવવા માટે કોર્ટ પાસે તેમને જોઈતી બધી જ માહિતી હોય તેની અમે ખાતરી કરીશું.

ક્રાઉન કોર્ટમાં બધા જ કેસોમાં અને મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં જ્યાં અટપટી બાબતો હોય અથવા જ્યાં ગેરસમજ ઊભી થવાનો અવકાશ હોય તેવા કેસોમાં, અમે ‘પ્લી એન્ડ  સેન્ટન્સીંગ’ - કબૂલાત અને સજા દસ્તાવેજ પૂરો પાડીશું, જેમાં નીચેની બાબતો જણાવેલી હશેઃ

- અપરાધને વધારે ખરાબ બનાવતાં અને તેને હળવો બનાવતાં પરિબળો (અંગત વ્યક્તિને ઉપશમન કરતાં નહિ);
- અપરાધી અને વિચારણા કરવામાં આવી રહી હોય તે અપરાધને લાગુ પડતી કોઈ કાયદાકીય જોગવાઈઓ જેથી સજા સંભળાવવા ઉપર જો કોઈ કાયદાકીય મર્યાદાઓ હોય તો તેનાથી જજને વાકેફ કરી શકાય;
- સજા સંભળાવવા વિશે લાગતીવળગતી કોઈ માર્ગદર્શિકાઓ અને માર્ગદર્શક કેસો;
- અપરાધની તેનો ભોગ બનેલ વ્યક્તિ ઉપર પડેલી અસરો અંગ કોઈ વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ અથવા પ્રોસિક્યુશનના એડવોકેટને મળી શકતી બીજી કોઈ માહિતી ઓળખવી;
- જ્યાં યોગ્ય હોય ત્યાં, અપરાધની સમાજ ઉપર પડતી કે પડેલી અસરો; અને

- જ્યાં લાગુ પડતું હોય ત્યાં, કોઈ ગૌણ ઓર્ડરો, જેમ કે અસામાજિક વર્તન સામેના ઓર્ડરો અને જપ્તીના ઓર્ડરો મેળવવાનો ઈરાદો છે કે નહિ તેનું સૂચન, અને શક્ય હોય ત્યાં સુધી, કેવા પ્રકારનો ઓર્ડર મેળવવાનો છે તેનું સૂચન.

જ્યારે પ્રતિવાદી ગુનાની કબૂલાત કરે છે અથવા તેના ઉપરનો ગુનો સાબિત થાય છે ત્યારે, તેને શું સજા કરવી તેનો કોર્ટે નિર્ણય લેવાનો હોય છે અને તે અનેક જુદા જુદા પ્રકારની સજાઓમાંથી પસંદ કરી શકે છે. આ સજાઓ કદાચ રીહેબિલિટેશન ઓર્ડરો, સામાજિક સજાઓ, દંડ, ''બાઈન્ડ ઓવર'' અથવા જેલ સજા હોઈ શકે છે.

સજા સંભળાવવામાં આવતાં પહેલાં પ્રતિવાદી તેની કબૂલાતમાં હળવાશ રાખવાની ખાસ વિનંતી કરી શકે છે. જો પ્રતિવાદીની હળવાશ માટેની આ વિનંતીમાં ભોગ બનેલી વ્યક્તિના ચારિત્ર્ય[3] ઉપર અયોગ્ય રીતે હુમલો કરવામાં આવતો હશે, તો અમે તેનો વિરોધ કરીશું.

જો પ્રતિવાદી ગુનાની કબૂલાત કરે અથવા તે દોષિત હોવાનું પુરવાર થાય પરંતુ તે અપરાધ ભોગ બનેલી વ્યક્તિના વર્ણ કે ધર્મ ઉપર અથવા માની લીધેલા વર્ણ કે ધર્મ ઉપર આધારિત શત્રુતાથી ઉશ્કેરાઈને કરવામાં આવ્યો હોવાની પ્રોસિક્યુશનની દલીલ સાથે અસંમત થાય તો તે ઉશ્કેરણીની બાબત સાબિત થાય છે કે નહિ તેનો નિર્ણય જજ અથવા મેજિસ્ટ્રેટે કરવાનો રહેશે. શત્રુતા વિશે જુબાની આપી શકે તેવાં સાક્ષીઓને પ્રોસિક્યુશને બોલાવવાનાં જ રહેશે અને કોર્ટ પોતાનો નિર્ણય લે તે પહેલાં બચાવ પક્ષ તેમની ઉલટ તપાસ કરી શકશે. આ પ્રક્રિયાને ''ન્યૂટન હીયરીંગ'' કહેવાય છે. આ સુનાવણીના અંતમાં, જુબાનીઓ સાંભળી લીધા પછી તે અપરાધ ભોગ બનેલી વ્યક્તિના કે તેના માની લીધેલા વર્ણ કે ધર્મ પર આધારિત શત્રુતાથી ઉશ્કેરાઈને કરવામાં આવ્યો હોવાનો પોતાને સંતોષ થાય છે કે નહિ તે કોર્ટે જાહેર કરવાનું જ રહેશે. જો એવું થશે, તો સજા સંભળાવતી વખતે કોર્ટે તે ગુનાને વધારે ગંભીરતાથી લેવો જ પડે છે.

---

[3] પ્રોસિક્યુટરનું વચન ''ભોગ બનેલ વ્યક્તિનું તેમના ચારિત્ર્ય ઉપર કરવામાં આવતા અણધાર્યા કે અસંબંધિત હુમલાથી રક્ષણ કરવું અને જ્યાં ઉલટ તપાસ કરવાનું અયોગ્ય અથવા જુલમ ગુજારવા જેવું માનવામાં આવતું હોય ત્યાં કોર્ટની દરમ્યાનગીરી મેળવી શકે છે.''

મુખ્ય સજા[4] સંભળાવવા ઉપરાંત, કોર્ટ પાસે જે બીજા વધારાના ઓર્ડરો કરવાની સત્તા હોય તે ઓર્ડરો કરવા કે નહિ તેનો નિર્ણય લેવામાં કોર્ટની મદદ કરવા માટે અમે તેમને માહિતી આપીશું. આમાં યોગ્ય હોય તે કેસોમાં નુક્સાન, ઈજા કે બીજા કોઈ હાનિ માટેનું વળતર આપવાના ઓર્ડર કરવાનો સમાવેશ થાય છે.[5]

તમામ કેસોમાં, સજા શું હોવી જોઈએ, તેનો નિર્ણય ફક્ત જજ અથવા મેજિસ્ટ્રેટ જ લઈ શકે છે. અમુક થોડા અપરાધોમાં (અને જ્યારે પ્રતિવાદીને ક્રાઉન કોર્ટમાં સજા સંભળાવવામાં આવી હોય ત્યારે જ), જો અમારું માનવું હોય કે તે સજા અયોગ્ય રીતે હળવી છે, તો તેવી સજા સામે પડકાર કરવાની એટોર્ની જનરલ પાસે માગણી કરવાનો અમને અધિકાર છે. અયોગ્ય રીતે હળવી સજા એટલે કેઃ ''જ્યારે તે જુદા જુદા પ્રકારની સજાઓની શ્રેણીની બહારની સજા હોય, જેને જજ તમામ સંબંધિત પરિબળોને ધ્યાનમાં રાખીને, વાજબી રીતે યોગ્ય હોવાનું માનતાં હોય.'' કોઈ પણ વ્યક્તિ, ભોગ બનેલી વ્યક્તિ કે તેમનાં કુટુંબીજનો સહિત કોઈ પણ જો તે સજા અયોગ્ય રીતે હળવી હોવાનું માનતાં હોય તો તેઓ પોતે સીધા જ એટોર્ની જનરલનું ધ્યાન તે સજા પર દોરી શકે છે. જો કે આ માટે 28 દિવસની કડક સમય મર્યાદા છે (સજા સંભળાવવામાં આવી હોય તે તારીખથી), જેની અંદર અટોર્ની જનરલે કોર્ટ ઓફ અપીલને અરજી કરી દેવાની જ રહે છે.

## વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટો

વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ એટલે ભોગ બનેલી વ્યક્તિ દ્વારા આપવામાં આવેલું બયાન, જેમાં તે ગુનાની તેમના પર પડેલી અસરો સમજાવવામાં આવી હોય છે. આ બયાનમાં, ભોગ બનેલી વ્યક્તિ પોતાના પર તે ગુનાની કેવી રીતે અસર થઈ છે તેનું વર્ણન કરી શકે છે. તેઓ કેસ દરમ્યાન તેમની શું ઈચ્છાઓ કે જરૂરતો છે તે જણાવી શકે છે અને આ અપરાધના પરિણામે તેમને કોઈ ચિંતા છે કે કેમ તે તેમાં કહી શકે છે, દાખલા તરીકે, સલામતી, ભય અથવા જામીન અંગે. તેઓ પ્રોસિક્યુશનને પોતાનો ટેકો આપવા (કે નહિ આપવા) વિશે ઉલ્લેખ કરી શકે છે અને કોઈ પણ સહાયક સંસ્થાઓ પાસેથી મદદ જોઈએ છે તેની વિનંતી કરી શકે છે. આ રીતે, કોર્ટને ફક્ત ગુના વિશે જ બહેતર સમજણ મળશે એટલું જ નહિ, પરંતુ તે કયા સંદર્ભમાં થયો હતો તે પણ સારી રીતે સમજાશે. આ બયાન આપવું કે નહિ તે વ્યક્તિની મરજી ઉપર છે, અને

---

[4] કોડ ઓફ પ્રેક્ટિસ ફોર વિક્ટિમ્સ ઓફ ક્રાઈમની કલમ 7.12 કહે છે કે (જો વિટનેસ કેર યૂનિટ Witness Care Unit ભોગ બનેલી વ્યક્તિના પ્રશ્નોના જવાબ આપી શકે તેમ ન હોય) અને જો ભોગ બનેલી વ્યક્તિને વિટનેસ કેર યૂનિટ Witness Care Unit દ્વારા સીપીએસ CPS પાસે મોકલવામાં આવી હોય તો તે વ્યક્તિ જો સજા વિશે કોઈ પ્રશ્નો પૂછવા માગતી હોય તો તેની સીપીએસ CPS ને જાણ હોવી જ જોઈએ.

[5] પ્રોસિક્યુટરનું વચનઃ ''ગુનો સાબિત થયે, વળતર, નુક્સાન ભરપાઈ કે ભોગ બનેલી વ્યક્તિની ભાવિ સલામતી માટેના યોગ્ય ઓર્ડરો માટે અરજી કરવી.''

ભોગ બનેલી વ્યક્તિ આવું બયાન કરવા માગે છે કે નહિ અથવા આવું બયાન કરવા માટે તેમને તેમના કોઈ કુટુંબીજનની કે સહાયક કાર્યકરની મદદની જરૂર છે કે કેમ તે તેમને પૂછવામાં આવવું જોઈએ. આ બયાન કોઈ પણ સમયે કરી શકાય છે અને એક કરતાં વધારે બયાનો કરવાનું શક્ય છે. વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટો શું છે અને તેમનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવે છે તે સમજાવતી પત્રિકા ભોગ બનેલી વ્યક્તિ પોલીસ પાસેથી અથવા સીપીએસ CPS ના વકીલ પાસેથી માગી શકે છે.

વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટમાં સમાવવામાં આવેલી કોઈ પણ માહિતીને અમે ધ્યાનમાં લઈશું અને ગુનાની તેનો ભોગ બનેલ વ્યક્તિ ઉપર પડેલી અસરો અમે કોર્ટને જણાવીશું. આ સ્ટેટમેન્ટોનો ઉપયોગ અમે કેસોના નિર્ણયો લેવામાં અમારી મદદ માટે પણ કરી શકીએ છીએ, દાખલા તરીકે જામીનનો ઈનકાર કરવાની અથવા જામીનની શરતો લાગુ પાડવાની કોર્ટ સમક્ષ માગણી કરવી કે નહિ.

# 12 ભોગ બનેલાં લોકોને માહિતગાર રાખવાં

કેસ કેટલો આગળ વધ્યો તે વિશે ભોગ બનેલાં લોકોને માહિતગાર રાખવાનું કેટલું અગત્યનું છે તે અમે સમજીએ છીએ. ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓને કોર્ટની સુનાવણીની તારીખો અથવા કેસમાં થતા બીજા અગત્યના વિકાસો વિશે માહિતગાર રાખવા માટે હવેથી ખાસ બનાવવામાં આવેલ વિટનેસ કેર યૂનિટ Witness Care Unit જવાબદાર છે. દરેક સીપીએસ CPS વિસ્તારમાં અમારી પાસે વિટનેસ કેર યૂનિટ છે અને આ સીપીએસ CPS તેમજ પોલીસ દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવે છે. વિટનેસ કેર ઓફિસરો સંપર્કના એકમાત્ર સ્થાન તરીકે કામ આપે છે અને દરેક સાક્ષી માટે તેમને અનુરૂપ ટેકો પૂરો પાડે છે જેથી તેઓ સારામાં સારી રીતે પોતાની જુબાની આપી શકે તેની ખાતરી કરી થઈ શકે. આ દરેકને અનુરૂપ ટેકો તેમની જરૂરતોના મૂલ્યાંકન પર આધારિત હોય છે જેના લીધે જો સાક્ષીને કોઈ ખાસ નિષ્ણાત સહાયની જરૂર હોય તો તે ઓળખી શકાવી જોઈએ.

વિટનેસ કેર ઓફિસરો, જ્યારે પ્રતિવાદી ઉપર ચાર્જ લગાવવામાં આવશે તે સમયથી માંડીને છેક આખરી સુનાવણી સુધી ભોગ બનેલી વ્યક્તિની સંભાળ રાખવાનું કામ સાચવશે.

## કોડ ઓફ પ્રેક્ટિસ ફોર વિક્ટિમ્સ ઓફ ક્રાઈમ (ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની વર્તનની આચારસંહિતા)

આ કોડમાં ભોગ બનેલાં લોકો પ્રતિ સીપીએસ CPS ની ફરજો જણાવવામાં આવી છે. આમાંની એક ફરજ, (પોલીસ તરફથી પુરાવા માટેનો સંપૂર્ણ રીપોર્ટ મળ્યા બાદ) પ્રોસિક્યુશન કરવા માટે પૂરતા પુરાવાઓ નહિ હોવાનો અમે નિર્ણય લઈએ અથવા અમે કેસ પડતો મૂકવાનો કે

વર્ણભેદી અને ધાર્મિક ગુના - સીપીએસ (CPS)ની પ્રોસિક્યુશનની નીતિ

જા

વ્યક્તિને સમજાવીશું. સામાન્ય રીતે આ અમે ભોગ બનેલ વ્યક્તિને સીધા જ પત્ર લખીને જણાવીએ છીએ. અમુક પરિસ્થિતિઓમાં, કોઈ કેસ ઉપર ઘણી ઝડપથી કાર્યવાહી કરી શકાય છે અને કેસ પૂરો થાય તે પહેલાં અમે કદાચ તેની સમજૂતી ન પણ આપી શકીએ. જો કે, કેસ પૂરો થઈ ગયો હોવા છતાં ભોગ બનેલ વ્યક્તિને હજુ પણ સમજૂતી આપવામાં આવશે. જો ભોગ બનેલી વ્યક્તિ અરક્ષિત કે ભયભીત હોય, તો તેમને અમે કામના એક દિવસની અંદર જાણ કરીશું અને ભોગ બનેલાં બીજાં લોકોને કામના પાંચ દિવસની અંદર.

વર્ણભેદી કે ધાર્મિક ગુનાનં સંડોવતા કેસોમાં, કેસ પડતો મૂકવાનો કે ચાર્જીસમાં મોટા ફેરફારો કરવાનો નિર્ણય લેનાર પ્રોસિક્યુટર ભોગ બનેલ વ્યક્તિને તેમના નિર્ણય પાછળનાં કારણો રૂબરૂમાં સમજાવવા માટે અંગત રીતે મળવાની પણ ઓફર કરશે. જ્યારે પોલીસ ઓફિસર સાથેની રૂબરૂ ચર્ચા દરમ્યાન કોઈ પ્રોસિક્યુટરે ચાર્જ નહિ મૂકવાનો નિર્ણય લીધો હશે (એટલે કે પુરાવાઓને લગતા સંપૂર્ણ લેખિત રીપોર્ટ વગર), ત્યાં ભોગ બનેલ વ્યક્તિને તે વિશે પોલીસ ઓફિસરે જાણ કરવાની જ રહેશે.

કોડ ઓફ પ્રેક્ટિસ ફોર વિક્ટિમ્સ ઓફ ક્રાઈમની નકલો CPS Communications Division, Rose Court, 2 Southwark Bridge, London SE1 9HS પાસેથી અથવા અમારી આ વેબસાઈટ પરથી મેળવી શકાય છે:
http://www.cps.gov.uk/victims_witnesses/victims_code.pdf

# 13 વર્ણભેદી અને ધાર્મિક ગુનાઓ પર દેખરેખ

વર્ણભેદી કે ધાર્મિક બનાવો તરીકે ઓળખવામાં આવેલા કેસો પ્રોસિક્યુટ કરવા કે નહિ તેના અમારા નિર્ણયોની અને અમે જે પ્રોસિક્યુટ કર્યા હોય તે કેસોનાં પરિણામોની પણ અમે નોંધ કરીએ છીએ. આ ઉપરાંત ધાર્મિક ઉશ્કેરણીથી કરવામાં આવેલા અપરાધોની ડાઈરેક્ટર્સ પ્રિન્સિપલ લીગલ એડવાઈઝરને અંગત રીતે જાણ કરવામાં આવે છે જેથી પ્રોસિક્યુશન અંગેના નિર્ણય ઉપર તેઓ તેમનાં પોતાનાં મંતવ્યો જણાવી શકે.

અમે વર્ણભેદી અને ધાર્મિક ઉશ્કેરણીથી કરવામાં આવતા ગુના ઉપર એક વાર્ષિક રીપોર્ટ બહાર પાડ્યો છે જેમાં 1999થી સ્થાનિક અને રાષ્ટ્રિય બંને સ્તરના આંકડા આપવામાં આવ્યા છે. સીપીએસ CPS ની 'રેસિસ્ટ એન્ડ રીલિજીયસ ઈન્સિડન્ટ મોનિટરીંગ સ્કીમ' (આરઆઈએમએસ) Racist and Religious Incident Monitoring Scheme (RIMS)નો વાર્ષિક રીપોર્ટ એક જાહેર દસ્તાવેજ છે અને તે અમારી કમ્યૂનિકેશન્સ બ્રાન્ચ પાસેથી અથવા અમારી વેબસાઈટ પરથી મેળવી શકાય છે.

આ રીપોર્ટમાં પોલીસ દ્વારા અમને મોકલવામાં આવેલા અનેક કેસો, પ્રોસિક્યુટ કરવા કે નહિ તેના અમારા નિર્ણયો, પ્રોસિક્યુટ કરવામાં આવેલા અથવા પડતા મૂકવામાં આવેલા ચાર્જીસ, મેજિસ્ટ્રેટ્સ કોર્ટ, યૂથ કોર્ટ અને ક્રાઉન કોર્ટમાં પ્રોસિક્યુટ કરવામાં આવેલા ચાર્જીસનાં પરિણામો તેમજ ફરમાવવામાં આવેલી સજાઓ ઉપર માહિતી આપવામાં આવી છે.

2006-07માં, સીપીએસએ CPS નફરતપ્રેરિત ગુનાઓની નોંધણી પ્રક્રિયામાં સુધારો કરવા માટે અને નફરતપ્રેરિત ગુનાને લગતા આંકડાઓ સીપીએસ જાહેર રીતે એકજ વાર્ષિક રીપોર્ટની અંદર પ્રકાશિત કરી શકે તે માટે તેમણે 'હેટ ક્રાઈમ મોનિટરીંગ પ્રોજેક્ટ' Hate Crimes Monitoring Project ની શરૂઆત કરી હતી. 2008-2009 પછી, સીપીએસ CPS એક 'એન્યુઅલ હેટ ક્રાઈમ રીપોર્ટ' પ્રસિદ્ધ કરશે જેમાં વર્ણભેદી અને ધાર્મિક ગુના ઉપર કરવામાં આવેલા કાર્યપ્રદર્શનને લગતા આંકડા (બીજા નફરતપ્રેરિત ગુના પરના કાર્યપ્રદર્શનના આંકડા સહિત) જણાવવામાં આવશે. આ એન્યુઅલ હેટ ક્રાઈમ રીપોર્ટ, આરઆઈએમએસ RIMS ના વાર્ષિક રીપોર્ટને બદલે પ્રકાશિત કરવામાં આવશે.

સીપીએસ CPS દ્વારા બીજા કયા વધારાના આંકડાની નોંધ કરવામાં આવવી જોઈએ તે વિશે સીપીએસએ CPS આંતરિક અને બાહ્ય બંને રીતે અનેક જુદા જુદા સામાજિક પાર્ટનરો સાથે મંત્રણાઓ કરી હતી. નીચે જણાવેલા મુખ્ય અગ્રતાના વિસ્તારો ઓળખવામાં આવ્યા હતા અને એપ્રિલ 2007થી તેમની નોંધ કરવામાં આવવી જોઈએઃ

- તમામ પ્રતિવાદીઓ અને ભોગ બનેલાં તમામ લોકોના ધર્મ અને માન્યતાની નોંધ કરવી (પોલીસ દળ દ્વારા વાપરવામાં આવતા મોનિટરીંગ ફોર્મમાં સુધારા કરવા માટે અમે અસોસિએશન ઓફ ચીફ પોલીસ ઓફિસર્સ Association of Chief Police Officers ની મંજૂરી મેળવી લીધી છે);
- વર્ણભેદી ગુના અને ધાર્મિક ગુનાની અલગ અલગ નોંધ કરવી;
- જે કેસોમાં ઉશ્કેરણીજનક પરિબળ પડતું મૂકવામાં આવ્યું હોય તેવા કેસોની સંખ્યાની નોંધ કરવી; અને
- ઉશ્કેરણીથી કરવામાં આવેલા અપરાધોમાં વધારવામાં આવેલી સજા વિશે નોંધ કરવી.

કોડ ઓફ પ્રેક્ટિસ ફોર વિક્ટિમ્સ ઓફ ક્રાઈમ સીપીએસ CPS ઉપર નવી ફરજો અને કર્તવ્યો લાદે છે. વર્ણભેદી અને ધાર્મિક ગુનાનું મોનિટરીંગ અને કાળાં અને લઘુમતી વંશમૂળનાં ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓને સાંકળતા ગુનાનાં આવેલાં પરિણામોના મોનિટરીંગથી અમે અમારી ફરજોનું પાલન કરી રહ્યાં છીએ અને ગુનાનો ભોગ બનેલાં તમામ લોકોને અમે સારી ગુણવત્તાની સેવા પૂરી પાડી રહ્યાં છીએ તે વાતની ખાતરી કરવામાં અમને મદદ થશે.

અમે સીપીએસ CPS ના બધા જ વિસ્તારોને આવરી લેતી 'હેટ ક્રાઈમ સ્ક્રૂટિની પેનલો' Hate Crime Scrutiny Panels ની સ્થાપના કરી રહ્યાં છીએ, જે નફરતપ્રેરિત ગુના ઉપર અમે કેવી રીતે કાર્યવાહી કરીએ છીએ તેની અમારી કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરશે.

# 14 સમાજમાં સંડોવણી

લઘુમતી વંશનાં જૂથો અને સંસ્થાઓ સાથે હકારાત્મક સંબંધો બાંધવા માટે સમાજોની સાથે મળીને કામ કરવાની અગત્યતા અમે સ્વીકારીએ છીએ. આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે, આ નીતિવિષયક બયાનનું પ્રકાશન એક અગત્યનું આગળનું પગલું છે. તે તૈયાર કરવા માટે અમે ઘણી વિસ્તૃત મંત્રણાઓ કરી છે અને તે પ્રકાશિત થયા પછી પણ તેનું પુનઃઅવલોકન કરવાનું અમે ચાલુ રાખીશું. આ નીતિને અમે અમલમાં મૂકીશું અને તે રીતે અમારા કામમાં અને અમે લીધેલા નિર્ણયોમાં સ્થાનિક સમાજોનો ભરોસો વધારીશું.

કાળાં અને લઘુમતી સમાજનાં લોકો તેમજ ધાર્મિક સમુદાયો સાથેની કડીઓ વધારે ઊંડી બનાવવા માટે અમે પ્રતિનિધિ જૂથો અને વ્યક્તિગત લોકો મારફતે કામ કરી રહ્યાં છીએ. આનાથી નીતિના બયાનની સમજૂતી આપવામાં અને ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમમાં તે કેવી રીતે કામ કરશે તેવી અમારી અપેક્ષા છે તે સમજાવવામાં અમને મદદ થાય છે. સીપીએસ અને ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ વિશેના પ્રશ્નોના અમે નિખાલસતાથી અને શું આપી શકાય તેમ છે તે વિશે કોઈ ખોટી અપેક્ષાઓ ઊભી કર્યા વગર જવાબ આપીશું.

# 15 ફરિયાદો

ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ Crown Prosecution Service દ્વારા તેમની સાથે જેવી રીતે વ્યવહાર કરવામાં આવ્યો હોય તેના વિશે જો કોઈ વ્યક્તિ ફરિયાદ કરવા માગતી હોય, અથવા જો કોઈને લાગતું હોય કે ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમે તેમને નિરાશ કર્યાં છે અને તેના માટે કોણ જવાબદાર હોઈ શકે તેની તેમને ખબર ન હોય તો તેઓ જ્યાં રહેતાં હોય ત્યાંના સીપીએસ CPS વિસ્તાર માટેના ચીફ ક્રાઉન પ્રોસિક્યુટરને પત્ર લખી શકે છે. ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ Crown Prosecution Service પાસે ફરિયાદ કરવા માટેની તેમની પોતાની નીતિ છે, અને તે માટે શું કાર્યવાહી અનુસરવી તે સમજાવતી પત્રિકા સીપીએસ CPS ની સ્થાનિક ઓફિસમાંથી મેળવી શકાય છે.

સીપીએસ CPS નો સંપર્ક કરવા માટેનાં સ્થાનોની વિગતો આ પુસ્તિકાના પાછળના કવર ઉપર આપેલી છે.

# 16 નિષ્કર્ષ

અપરાધીઓનો ન્યાય કરીને વર્ણભેદી અને ધાર્મિક ગુના ઓછા કરવામાં અમારી ભૂમિકા ભજવવા માટે અમે કૃતનિશ્ચયી છીએ, પરંતુ અમારું કામ સારી રીતે કરવા માટે અમને મદદની જરૂર છે. કાળાં અને લઘુમતી સમાજનાં લોકો તેમજ ધાર્મિક સમુદાયો અમારામાં વિશ્વાસ રાખે એવું અમે ઈચ્છીએ છીએ. અમને આશા છે કે આ જાહેર નીતિનું બયાન અને સાથે આપેલી માર્ગદર્શિકા, અમે શું કામ કરીએ છીએ; અમે જેવી રીતે તે કામ કરીએ છીએ તે શા માટે; તે વિશે અને અમારે સામનો કરવી પડતી કેટલીક મર્યાદાઓ વિશે પણ બહેતર સમજણ મેળવવામાં સમાજનાં તમામ સભ્યોને મદદ કરવાની શરૂઆત કરશે.

નીતિના આ બયાનનું નિયમિતપણે પુનઃઅવલોકન કરવાનો અમારો ઈરાદો છે, જેથી તે વર્તમાન કાયદા અને સમાજની ચિંતાઓ અનુસારનું હોય. એટલા માટે, અમારું આ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં અમારી મદદ કરતાં કોઈ પણ નિરીક્ષણો અમે આવકારીએ છીએ.

# પુરવણી A

## વર્ણભેદી અને ધાર્મિક ગુના માટે કાયદેસર પગલાં લેવા માટે વાપરવામાં આવતા કાયદા

### 1. વર્ણભેદી અથવા ધાર્મિક ઉશ્કેરણીથી કરવામાં આવેલા અપરાધો - ક્રાઈમ એન્ડ ડિસઓર્ડર એક્ટ 1998 (એન્ટિ-ટેરરીઝમ, ક્રાઈમ એન્ડ સિક્યોરિટી એક્ટ 2001 દ્વારા સુધારાયેલ)

| અપરાધ | વધુમાં વધુ સજા - ઉશ્કેરણીનું સ્વરૂપ | વધુમાં વધુ સજા - મૂળભૂત સ્વરૂપ | નોંધ |
|---|---|---|---|
| વર્ણભેદી/ધાર્મિક ઉશ્કેરણીથી ઈજા (s.29(1)(a) CDA) | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | ક્રાઉન કોર્ટ - 5 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | |
| વર્ણભેદી/ધાર્મિક ઉશ્કેરણીથી ખરેખરું શારીરિક નુક્સાન (s.29(1)(b) CDA) | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | ક્રાઉન કોર્ટ - 5 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | |
| વર્ણભેદી/ધાર્મિક ઉશ્કેરણીથી સામાન્ય હુમલો (s.29(1)(c) CDA) | ક્રાઉન કોર્ટ - 2 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | મૂળભૂત સ્વરૂપના ગુના માટે ફક્ત મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં જ ટ્રાયલ ચલાવી શકાય છે |
| વર્ણભેદી/ધાર્મિક ઉશ્કેરણીથી નુક્સાન (s.30(1)(c) CDA) | ક્રાઉન કોર્ટ - 14 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | ક્રાઉન કોર્ટ - 10 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 3 મહિના | જ્યાં નુક્સાન £5,000 થી ઓછી કિંમતનું હોય ત્યાં મૂળભૂત ગુના માટે ફક્ત મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં જ ટ્રાયલ ચલાવી શકાય છે |

| અપરાધ | વધુમાં વધુ સજા - ઉશ્કેરણીનું સ્વરૂપ | વધુમાં વધુ સજા - મૂળભૂત સ્વરૂપ | નોંધ |
|---|---|---|---|
| વર્ણભેદી/ધાર્મિક ઉશ્કેરણીથી ડર/હિંસા ફેલાવવાનો ઉશ્કેરાટ કરવો (s.31(1)(a) CDA) | ક્રાઉન કોર્ટ - 2 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | મૂળભૂત સ્વરૂપના ગુના માટે ફક્ત મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં જ ટ્રાયલ ચલાવી શકાય છે |
| વર્ણભેદી/ધાર્મિક ઉશ્કેરણીથી ઈરાદાપૂર્વક હેરાનગતી/ગભરાટ/તનાવ ફેલાવવો (s.31(1)(b) CDA) | ક્રાઉન કોર્ટ - 2 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | મૂળભૂત સ્વરૂપના ગુના માટે ફક્ત મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં જ ટ્રાયલ ચલાવી શકાય છે |
| વર્ણભેદી/ધાર્મિક ઉશ્કેરણીથી હેરાનગતી/ગભરાટ/તનાવ ફેલાવવો (s.31(1)(c) CDA) | મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 4 લેવલ સુધીનો દંડ | મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 3 લેવલ સુધીનો દંડ | મૂળભૂત સ્વરૂપના ગુના અથવા ઉશ્કેરણી સાથે કરવામાં આવેલા ગુના માટે ફક્ત મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં જ ટ્રાયલ ચલાવી શકાય છે. ઉશ્કેરણી સાથેના અને મૂળભૂત બંને પ્રકારના ગુના માટેના ચાર્જ મૂકવા જરૂરી છે. |
| વર્ણભેદી/ધાર્મિક ઉશ્કેરણીથી હેરાનગતી/હિંસા કર્યા વગર વાતો કરવી (s.32(1)(a) CDA) | ક્રાઉન કોર્ટ - 2 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | મૂળભૂત સ્વરૂપના ગુના માટે ફક્ત મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં ટ્રાયલ ચલાવી શકાય છે. ઉશ્કેરણી સાથેના અને મૂળભૂત બેમાંથી કોઈ પણ ગુનો સાબિત થયે કોર્ટ પ્રતિબંધ મૂકતો ઓર્ડર લાગુ પાડી શકે છે. |
| વર્ણભેદી/ધાર્મિક ઉશ્કેરણીથી હેરાનગતી/હિંસાના ડર સાથે વાતો કરવી (s.32(1)(b) CDA) | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | ક્રાઉન કોર્ટ - 5 વર્ષ જેલ સજા મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | ઉશ્કેરણી સાથેના અને મૂળભૂત બેમાંથી કોઈ પણ ગુનો સાબિત થયે કોર્ટ પ્રતિબંધ મૂકતો ઓર્ડર લાગુ પાડી શકે છે. |

## 2. વર્ણભેદી નફરત ભડકાવવી - પબ્લિક ઓર્ડર એક્ટ 1986ની કલમો 17-29

| અપરાધ | વધુમાં વધુ સજા | નોંધ |
|---|---|---|
| s.18 વર્ણભેદી નફરત ફેલાવવાના ઈરાદાથી કે તેવી સંભાવનાવાળા ભયજનક/નિંદાત્મક /અપમાનજનક શબ્દો કે વર્તનનો ઉપયોગ કરવો કે તેવી લેખિત સામગ્રી જાહેરમાં લગાવવી | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |
| s.19 એવી લેખિત સામગ્રી પ્રકાશિત કરવી કે વહેંચવી જે વર્ણભેદી નફરત ફેલાવવાના ઈરાદા કે તેવી સંભાવના ઊભી કરે તેવી ભયજનક /નિંદાત્મક/અપમાનજનક હોય | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |
| s.20 કોઈ નાટકનું જાહેરમાં પ્રદર્શન જેમાં વર્ણભેદી નફરત ફેલાવવાના ઈરાદાથી ભયજનક /નિંદાત્મક /અપમાનજનક શબ્દો કે વર્તનનો ઉપયોગ કરવામાં આવે | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |
| s.21 વર્ણભેદી નફરત ફેલાવવાના ઈરાદાથી કે તેવી સંભાવનાવાળા ભયજનક /નિંદાત્મક/ અપમાનજનક હોય તેવાં ચિત્રો કે ફોટા કે જાહેર અવાજ કે શબ્દોના રેકોર્ડિંગની વહેંચણી કરવી કે તે વગાડવું | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |

પુરવણી A

| અપરાધ | વધુમાં વધુ સજા | નોંધ |
|---|---|---|
| s.22 વર્ણભેદી નફરત ફેલાવવાના ઈરાદાથી કે તેવી સંભાવનાવાળા ભયજનક/નિંદાત્મક /અપમાનજનક દાર્શનિક કાર્યક્રમો કે શબ્દોચ્ચારોનું પ્રસારણ કરવું કે કેબલના કાર્યક્રમની સર્વિસમાં તેવા કાર્યક્રમો સામેલ કરવા | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |
| s.23 વર્ણભેદી નફરત ફેલાવવાના ઈરાદા વાળી કે તેવી સંભાવના ઊભી કરે તેવી વર્ણભેદી ઉશ્કેરણીવાળી સામગ્રી રાખવી/જાહેરમાં લગાવવાની સામગ્રી/પત્રિકાઓ-ફરફરિયાં વહેંચવાં | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |

# 3. ધાર્મિક નફરત ભડકાવવી - પબ્લિક ઓર્ડર એક્ટ 1986ની કલમો 29B-29G

| અપરાધ | વધુમાં વધુ સજા | નોંધ |
|---|---|---|
| s.29B - ધાર્મિક નફરત ફેલાવવાના ઈરાદાથી શબ્દો કે વર્તનનો ઉપયોગ કરવો / લેખિત સામગ્રી લગાવવી | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |
| s.29C ધાર્મિક નફરત ફેલાવવાના ઈરાદાથી લેખિત સામગ્રી પ્રકાશિત કરવી કે વહેંચવી | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |
| s.29D ધાર્મિક નફરત ફેલાવવાના ઈરાદાથી નાટકનાં જાહેર પ્રદર્શનો કરવાં | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |
| s.29E ધાર્મિક નફરત ફેલાવવાના ઈરાદાથી રેકોર્ડિંગ કરાયેલી સામગ્રી વહેંચવી / બતાવવી / વગાડવી | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |
| s.29F ધાર્મિક નફરત ફેલાવવાના ઈરાદાથી કોઈ કાર્યક્રમનું પ્રસારણ કરવું પ્રોગ્રામ સર્વિસની અંદર તે પ્રસારણ કરવા સહિત | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |
| s.29G ધાર્મિક નફરત ફેલાવવાના ઈરાદાથી ઉશ્કેરણીજનક સામગ્રી પોતાની પાસે રાખવી | ક્રાઉન કોર્ટ - 7 વર્ષ જેલ સજા<br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ - 6 મહિના | એટોર્ની જનરલની મંજૂરીથી જ પ્રોસિક્યુટ કરી શકાય છે. નિષ્ણાત પ્રોસિક્યુટર દ્વારા કાર્યવાહી કરવા માટે સીપીએસના કાઉન્ટર ટેરરીઝમ ડિવિઝનને મોકલી આપવામાં આવેલ |

## 4. ફૂટબોલને લગતા અપરાધો - કલમ 3 ફૂટબોલ ઓફેન્સીસ એક્ટ 1991 (કલમ 9 ફૂટબોલ (ઓફેન્સીસ એન્ડ ડિસઓર્ડર) એક્ટ 1999 દ્વારા સુધારો કરાયેલ)

| અપરાધ | વધુમાં વધુ સજા | નોંધ |
|---|---|---|
| અમુક ચોક્કસ હોદ્દાવાળી ફૂટબોલ મેચમાં અસભ્ય/વર્ણભેદી સૂત્રો ઉચ્ચારવાં કે તેમાં ભાગ લેવો | લેવલ 3 સુધીનો દંડ | બીજી કોઈ પણ સજા કરવા ઉપરાંત કોર્ટ ફૂટબોલ મેચમાં જવા પર પ્રતિબંધ મૂકતો ઓર્ડર લાગુ પાડી શકે છે. આવા પ્રતિબંધના ઓર્ડરનો ભંગ કરવાથી 6 મહિના સુધીની જેલ સજા થઈ શકે છે. તે ધાર્મિક સૂત્રોનાં ઉચ્ચારણો પર લાગુ પડતું નથી - પરંતુ<br>નોંધ- બીજા અપરાધો (જેમ કે વર્ણભેદ/ધાર્મિક ઉશ્કેરણીથી કરવામાં આવેલા જાહેર વ્યવસ્થાને લગતા ગુના કે હુમલા) કદાચ વધારે યોગ્ય હોઈ શકે. |

# પરિશિષ્ટ B

## પોલીસ, સીપીએસ CPS અને કોર્ટ્સની ભૂમિકાઓ

| પોલીસ | સીપીએસ | કોર્ટ્સ |
|---|---|---|
| રીપોર્ટ લે છે<br><br>ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓનાં બયાનો લે છે<br><br>ગુનાની તપાસ કરે છે<br><br>પુરાવાઓ એકઠા કરે છે<br><br>કેસની વિગતો એકઠી કરે છે<br><br>વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ લેવાની ઓફર કરે છે<br><br>આરોપીની ધરપકડ કરે છે<br><br>ચાર્જ નક્કી કરવા માટે સીપીએસ પાસે મોકલી આપે છે (બધા જ પરંતુ મોટા ભાગના નાના કેસોમાં)<br><br>પ્રોસિક્યુશનની ફાઈલ સીપીએસને મોકલે છે<br><br>ભોગ બનેલ વ્યક્તિ વિક્ટિમ સપોર્ટ પાસે જવા માગે છે કે નહિ તેની તેમને પસંદગી આપે છે<br><br>કેસ કેટલો આગળ વધ્યો તે વિશે ભોગ બનેલ વ્યક્તિને માહિતગાર રાખે છે | ચાર્જ મૂકતાં પહેલાં પુરાવાઓ વિશે પોલીસને સલાહ આપે છે<br><br>ફાઈલનાં પુનઃઅવલોકનો કરે છે<br><br>શકમંદ ઉપર ચાર્જ મૂકવામાં આવવો જોઈએ કે નહિ અને જો હા, તો તે ચાર્જ શું હોવો કે હોવા જોઈએ તેનો નિર્ણય કરે છે<br><br>પુરાવાઓનું મૂલ્યાંકન કરે છે<br><br>જ્યાં પુરાવાઓ ઘટતા હોય ત્યાં પોલીસને સૂચનો કરે છે<br><br>જો સંજોગો બદલાય તો કોઈ ચાર્જમાં ફેરફાર કરવો જોઈએ કે તે પડતો મૂકવો જોઈએ તેનો નિર્ણય કરે છે.<br><br>કોર્ટ માટે કેસ તૈયાર કરે છે<br><br>મેજિસ્ટ્રેટ્સ કોર્ટ કે ક્રાઉન કોર્ટ સમક્ષ કેસની રજૂઆત કરે છે | **યૂથ કોર્ટ**<br>17 વર્ષની ઉંમર સુધીનાં યુવાન લોકો અંગે કાર્યવાહી કરે છે<br><br>**મેજિસ્ટ્રેટ્સ કોર્ટ**<br>મોટા ભાગના ક્રિમિનલ કેસો ઉપર કાર્યવાહી કરે છે અને બધા જ કેસોમાં જામીન અંગેનો પ્રાથમિક નિર્ણય આ કોર્ટ કરે છે.<br><br>**ક્રાઉન કોર્ટ**<br>સૌથી વધારે ગંભીર ગુનાઓ ઉપર કાર્યવાહી કરે છે. દાત. ખૂન, બળાત્કાર અને જેમાં આરોપીએ જ્યુરી દ્વારા ટ્રાયલ કરવા માટેનો દાવો કર્યો હોય તેવા કેટલાક ઓછા ગંભીર કેસો. તે મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાંથી સંભળાવવામાં આવેલી સજા સામેની અપીલો અને રીફરલો ઉપર પણ કાર્યવાહી કરે છે. |

← વિક્ટિમ સપોર્ટ, વિટનેસ સર્વિસ અને અન્ય નિષ્ણાત સંસ્થાઓ →

# પરિશિષ્ટ C

## જામીન

કોર્ટ પ્રતિવાદીને કસ્ટડીમાં રીમાન્ડ પર રાખવાનો હુકમ કરી શકે છે અથવા જામીન મંજૂર કરી શકે છે, જે શરતો સાથે કે તેના વગર હોઈ શકે છે. કોર્ટની પહેલી સુનાવણી પહેલાં, પોલીસ પણ પ્રતિવાદીને કસ્ટડીમાં અટકાયતમાં રાખી શકે છે કે શરતો લાગુ પાડીને કે તેના વગર જામીન આપી શકે છે પરંતુ કોર્ટ કરતાં પોલીસ પાસે ઘણી ઓછી સત્તા રહેલી છે.

પ્રતિવાદી કોર્ટની આગામી સુનાવણીમાં હાજરી આપે, વચ્ચેના તે સમય દરમ્યાન બીજા કોઈ નવા ગુના ન કરે અને સાક્ષીઓને કોઈ પ્રકારની ખલેલ ન પહોંચાડે કે ન્યાયની કાર્યવાહીનાં કોઈ રૂકાવટ ન નાંખે તેની ખાતરી કરવા માટે જ શરતો લાગુ પાડી શકાય છે.

## કોર્ટ દ્વારા લાગુ પાડવામાં આવતી જામીનની શરતોનાં ઉદાહરણો

અમુક ચોક્કસ કેસના સંજોગો અનુસાર જે યોગ્ય લાગતી હોય તે મુજબ કોર્ટ કોઈ પણ શરતો લાગુ પાડી શકે છે. કોર્ટ દ્વારા લાગુ પાડવામાં આવતી જામીનની શરતોનાં કેટલાંક લાક્ષણિક ઉદાહરણો અહીં આપેલાં છેઃ

- *પ્રતિવાદીએ સીધી કે આડકતરી રીતે અમુક નામ જણાવવામાં આવેલી વ્યક્તિનો કે લોકોનો સંપર્ક ન જ કરવો જોઈએ.*
  એટલે કે કોઈ પણ પ્રકારનો સંપર્ક નહિ, ફોન, ફેક્સ, ઈમેઈલ, ટેક્સ્ટ સંદેશો કે પત્ર મારફતે પણ નહિ અથવા બીજી કોઈ વ્યક્તિ મારફતે પણ નહિ, દા.ત. પ્રતિવાદી તેમના વતી કોઈ સગાં મારફતે સંપર્ક કરી શકે નહિ.

- *પ્રતિવાદીએ અમુક નામ જણાવવામાં આવેલી જગ્યાએ ન જ જવું જોઈએ.*
  આ સામાન્ય રીતે અમુક ચોક્કસ સરનામું હોય છે, પરંતુ તે કોઈ ગલી, કોઈ શહેર, વિસ્તાર કે પછી આખી કાઉન્ટિ પણ હોઈ શકે છે. કેટલીકવાર કોર્ટ એમ કહેશે કે પ્રતિવાદીએ અમુક સ્થળની આસપાસના અમુક ચોક્કસ અંતરની અંદર ન જ જવું જોઈએ, દા.ત. ભોગ બનેલી વ્યક્તિના ઘરના સરનામાથી અડધો માઈલ સુધીના વિસ્તારની અંદર.

- *પ્રતિવાદીએ અમુક નામ જણાવેલા સરનામે જ રહેવું જોઈએ.*
  એટલે કે તેમણે દરેક રાત્રે ત્યાં જ રહેવાનું અને સૂવાનું રહેશે.

- *પ્રતિવાદી જ્યારે અમુક ચોક્કસ નામ જણાવેલા સ્થળે રહેતાં હોય ત્યારે તેમને વિનંતી કરવામાં આવે ત્યારે તેમણે પોલીસ સમક્ષ હાજર થવું જ જોઈએ.*
  આને સામાન્ય રીતે ''ડોરસ્ટેપ કન્ડિશન'' (નજરકેદની શરત) કહેવાય છે, આનાથી તે વ્યક્તિ કોર્ટ દ્વારા જામીનની શરત તરીકે સ્પષ્ટ કરવામાં આવેલા તે ચોક્કસ સરનામે રહે છે કે નહિ, અથવા તે કરફ્યુની શરતનું પાલન કરી રહી છે કે નહિ તે પોલીસ તપાસી શકે છે.

- *પ્રતિવાદીએ તેમને જણાવવામાં આવેલા દિવસે અથવા દિવસોએ અને સમયે અમુક નામ જણાવવામાં આવેલા પોલીસ સ્ટેશને હાજરી આપવાની જ રહેશે.*
  દાખલા તરીકે અઠવાડિયાના દરેક ચાલુ દિવસે સવારે 8.30 વાગે.

- *અમુક ચોક્કસ નક્કી કરવામાં આવેલા કલાકો દરમ્યાન પ્રતિવાદીએ કરફ્યુનું પાલન કરવું જ જોઈએ.*
  એટલે કે ઘરની અંદર રહેવું, દાખલા તરીકે રાત્રે ૯થી સવારે ૮ સુધી.

- *પ્રતિવાદીએ કોર્ટને બાયંધરી આપવી જ જોઈએ.*
  જો એવું લાગશે કે પ્રતિવાદી કદાચ કોર્ટની આગામી સુનાવણીમાં નહિ આવે, તો પૈસાની અમુક ચોક્કસ રકમ કોર્ટને ચૂકવવા માટે કોર્ટ હુકમ કરી શકે છે. જો પ્રતિવાદી આગામી સુનાવણીમાં હાજર ન રહે, તો તે પૈસા જપ્ત કરી લઈ શકાય છે.

- *પ્રતિવાદીએ ખાતરી આપવી જ જોઈએ.*
  કોઈ મિત્ર કે સગાં એ વાતની ખાતરી કરવા માટે મંજૂર થવાં જ જોઈએ કે પ્રતિવાદી કોર્ટમાં હાજરી આપશે, અથવા તે મિત્ર કે સગાં અમુક ચોક્કસ કરવામાં આવેલી રકમના પૈસા ગુમાવશે.

કેટલીકવાર, વ્યવહારૂ કારણોસર, જામીનની શરતો સાથે અમુક અપવાદો લાગુ પાડવામાં આવી શકે. દાખલા તરીકેઃ

- *પ્રતિવાદીએ અમુક નામ જણાવેલી જગ્યાએ ન જ જવું જોઈએ, સિવાય કેઃ*
  - કોર્ટમાં હાજરી આપવા માટે;
  - તેમના સોલિસિટર સાથે પહેલેથી નક્કી કરેલી અપોઈન્ટમેન્ટ મુજબ મળવા જવા માટે;
  - નક્કી કરવામાં આવેલા સમયે અને પોલીસ ઓફિસરને પોતાની સાથે રાખીને તેમની વસ્તુઓ લેવા માટે;
  - નક્કી કરવામાં આવેલા સમયે દેખરેખ હેઠળ બાળકોને મળવા જવા.

## જામીનની શરતોનો ભંગ  કરવો

જો પ્રતિવાદી જામીનની શરતોનો ભંગ કરે, તો પોલીસ પ્રતિવાદીની ધરપકડ કરી શકે છે અને કોર્ટ પ્રતિવાદીને કસ્ટડીમાં રીમાન્ડ પર લઈ શકે છે.

કેટલીકવાર, લાગુ પાડવામાં આવેલી જામીનની શરતો દૂર કરવાની કે અમુક રીતે તેમાં ફેરફાર કરવાની પ્રતિવાદી વિનંતી કરી શકે. પોલીસ અથવા કોર્ટને એ વાતનો સંતોષ થવો જોઈશે કે આવું કરવા માટેનું તદન વાજબી કારણ છે અને તેમણે તે શરતો સૌથી પહેલાં કેમ લાગુ પાડવામાં આવી હતી તે ધ્યાનમાં લેવાનું રહેશે અને તેની સામે શરતોમાં ફેરફાર કરવાની કે તે દૂર કરવાની પ્રતિવાદની માગણીનું સમતોલન કરવાનું રહેશે.

પોલીસ અથવા કોર્ટ દ્વારા લાગુ પાડવામાં આવેલી કોઈ પણ શરતોમાંથી પ્રતિવાદીને જ્યાં સુધી પોલીસ કે કોર્ટ દ્વારા છૂટા કરવામાં ન આવે ત્યાં સુધી તેમનું પાલન કરવા માટે તેઓ જવાબદાર છે.

# વર્ણભેદી અને ધાર્મિક ગુનાનો અનુભવ કરી રહેલાં લોકો માટે ઉપયોગી માહિતી અને સંપર્કો

## સામાન્ય સંસ્થાઓ

### ન્યૂહેમ મોનિટરીંગ પ્રોજેક્ટ (એનએમપી)

**Newham Monitoring Project (NMP)**

એનએમપી 1980થી ચલાવવામાં આવી રહ્યો છે. તે ઈસ્ટ લંડનમાં વર્ણભેદી ગુનાનો ભોગ બનતાં લોકોને 24 કલાકની ઈમર્જન્સી સેવા પ્રદાન કરે છે.

Newham Monitoring Project
The Harold Road Centre
170 Harold Road
Forest Gate London
E13 0SE

ફોન 020 8470 8333
ફેક્સ 020 8470 8353
www.nmp.org.uk

### ઈક્વોલિટી એન્ડ હ્યુમન રાઈટ્સ કમિશન

**Equality and Human Rights Commission**

1લી ઓક્ટોબર 2007ના રોજ, ત્રણ ઈક્વોલિટી કમિશનો (સમાનતા પંચો) એકત્ર થઈને એક નવું ઈક્વોલિટી એન્ડ હ્યુમન રાઈટ્સ કમિશન (સમાનતા અને માનવ અધિકાર પંચ) બનાવવામાં આવ્યું હતુંઃ

- કમિશન ફોર રેશિયલ ઈક્વોલિટી (સીઆરઈ)
- ડિસેબિલિટી રાઈટ્સ કમિશન (ડીઆરસી)
- ઈક્વલ ઓપોર્ચ્યૂનિટી કમિશન (ઈઓસી)

આ કમિશનોની વેબસાઈટોને પણ નવા ઈક્વોલિટી એન્ડ હ્યુમન રાઈટ્સ કમિશનની વેબસાઈટમાં સમાવી લેવામાં આવી છેઃ

www.equalityhumanrights.com

### ઈક્વોલિટી એન્ડ હ્યુમન રાઈટ્સ કમિશન હેડ ઓફિસ - ઈંગ્લેન્ડ

3 More London
Riverside
Tooley Street
London SE1 2RG

મુખ્ય સ્વિચબોર્ડઃ 0845 604 6610
ટેક્સ્ટલાઈનઃ 0845 604 6620

### વેલ્સ - કાર્ડિફ

મુખ્ય સ્વિચબોર્ડઃ 0292 0663710
મુખ્ય હેલ્પલાઈન અને એડવાઈઝ લાઈનઃ 0845 604 8810
ટેક્સ્ટલાઈન અને દ્વિભાષી લાઈનઃ 0845 604 8820

### સ્કોટલેન્ડ

મુખ્ય સ્વિચબોર્ડઃ 0845 604 6610
ટેક્સ્ટલાઈનઃ 0845 604 5520

### ફેડરેશન ઓફ બ્લેક હાઉસિંગ ઓર્ગેનાઈઝેશન્સ (એફબીએચઓ)

**Federation of Black Housing Organisations (FBHO)**

એફબીએચઓ (FBHO) કાળાં લોકો દ્વારા ચલાવવામાં આવતી રહેઠાણલક્ષી સેવાઓ માટેની એક છત્ર સંસ્થા છે. એફબીએચઓ (FBHO) રહેઠાણ સેવામાં વર્ણભેદ દૂર કરવા માટે કામ કરે છે. તે માહિતી, સલાહ, ટેકો, સંશોધનો અને તાલીમની સેવાઓ પૂરી પાડે છે. તે તેનાં પોતાનાં સભ્યોનાં હિતોની રહેઠાણ સેવાની નીતિ બનાવનારાં લોકો, સરકાર તેમજ રહેઠાણ સંસાધનોનાં અન્ય
નિયંત્રકો સમક્ષ રજૂઆતો કરે છે.

1 King Edwards Road
2nd floor
London E9 7SF

020 8533 7053
www.fbho.org.uk

**ઈમકાન IMKAAN**

ઈમકાન એક રાષ્ટ્રિય નીતિ, તાલીમ અને સંશોધનને લગતી યોજના છે, જે કાળાં અને લઘુમતી સમાજનાં લોકોને અને આશ્રિત મહિલાઓને તેમજ હિંસાનો અનુભવ કરી રહેલાં બાળકોને ટેકો પૂરો પાડતા નિષ્ણાત રેફ્યુજી ક્ષેત્રને ટેકો તેમજ એડવોકસીની સેવા પૂરી પાડવા માટે કટીબદ્ધ છે.

ઈમકાન નીચેનાં કામો કરે છેઃ

- ખાસ બીએમઈઆર રેફ્યુજીઓને તાલીમ અને ક્ષમતા વધારવાનો ટેકો પૂરો પાડે છે
- મુખ્ય પ્રવાહની નીતિ તેમજ સેવા આયોજનનાં ફોરમો તેમજ મંત્રણાઓની પ્રક્રિયાઓમાં યોગદાન આપે છે
- સમાજ પર આધારિત સંશોધનો કરે છે
- કાનૂની એડવોકેટો માટે સીપીડી તાલીમ પૂરી પાડે છે

**IMKAAN,**
Tindlemanor, 4th floor
52-54 Featherstone
Street
London EC1Y 8RT

020 7250 3933

**બ્રિટનમાં આઈરિશ ટ્રાવેલર મૂવમેન્ટ (આઈરિશ વણઝારા કોમની ચળવળો)**
**Irish Traveller Movement in Britain**

આઈરિશ ટ્રાવેલર મૂવમેન્ટ (આઈટીએમ) The Irish Traveller Movement (ITM) બીજા સ્તરની નીતિ અને 'અવાજ ઉઠાવતી' સંસ્થા છે જેનો ઉદ્દેશ આઈરિશ ટ્રાવેલર કોમના સામાજિક સમાવેશમાં વધારો કરવાનો અને ભેદભાવનો વિરોધ કરવાનો છે.

The Resource Centre
356 Holloway Road
N7 6PA

ફોનઃ 020 7607 2002
ઈમેઈલઃ info@irishtraveller.org.uk

www.irishtraveller.org.uk

**નેશનલ એસેમ્બ્લી અગેઈન્સ્ટ રેસીઝમ (વર્ણભેદ વિરોધી રાષ્ટ્રિય સભા)**
**National Assembly Against Racism**

કાળાં લોકોના સમાજો દ્વારા ચલાવવામાં આવતું સંસ્થાઓનું એક ફોરમ જે અસાયલમ અને ઈમિગ્રેશનની નીતિ, વર્ણીય હિંસા, કસ્ટડીમાં થતાં મોત અંગે, સંસ્થાકીય વર્ણભેદ સામે, ઈસ્લામોફોબિયાના વિરોધમાં અને બહુ-સાંસ્કૃતિકવાદ પ્રત્યે ઝૂંબેશો ચલાવે છે.

28 Commercial
Street
London E1 6LS

020 7247 9907
www.naar.org.uk
info@naar.org.uk

**મોનિટરીંગ ગ્રુપ The Monitoring Group**

વર્ણભેદી હેરાનગતીનો ભોગ બનતાં લોકોને કાનૂની, નૈતિક અને વ્યવહારૂ ટેકો પૂરો પાડે છે.

28 Museum
Street
London WC1A
1LH

020 7636 6000
ઈમર્જન્સીમાં ફ્રીફોન નંબરઃ 0800 374 618
www.monitoringgroup.co.uk
admin@monitoringgroup.co.uk

**મિન ક્વાન Min Quan**

મિન ક્વાન એ મોનિટરીંગ ગ્રુપની એક શાખા છે જે યુકેના ચાઈનીઝ સમાજને ટેકો, શિક્ષણ અને સંસાધનો પૂરાં પાડે છે. ખાસ કરીને મિન ક્વાનની સ્થાપના નીચેનાં કારણસર કરવામાં આવી છેઃ

- વર્ણભેદી હેરાનગતી, ઘરેલૂ હિંસા અને પોલીસ સેવાને લગતી સમસ્યાઓનો સામનો કરી રહેલાં ચાઈનીઝ લોકોને કાનૂની, નૈતિક અને વ્યવહારૂ ટેકો પૂરો પાડવો;

- આ બાબતો અંગે સંસ્થાઓ અને ઓથોરિટીઓના પ્રતિસાદોની નોંધ સહિત દેખરેખ રાખવી;
- આ બાબતો ઉપર તાલીમ અને માહિતી પૂરાં પાડવાં;
- આ  બાબતોને જાહેર જનતાના ધ્યાન પર લાવવા માટે અન્ય સંસ્થાઓને ટેકો આપવો અને તેમની સાથે નિકટતાથી કામ કરવું;
- જાહેર સેવાઓમાં અને મજૂર બજારમાં ચાઈનીઝ સમાજનાં લોકોનો ભરોસો વધારવો અને સામાજિક સુમેળતા વધારવી.

હેડ ઓફિસ
Min Quan
28 Museum Street
London WC1A 1LH

ફોન 020 7636 6000
ફેક્સ 020 7631 1193

Min Quan Manchester
1St Floor
61 Mosley Street
Manchester M2 3HZ

ફોન 0161 247 7982
ફેક્સ 0161 228 3096

The Monitoring Group
Min Quan
Southampton
135 St. Mary Street
Southampton SO14 1NX

ફોન 023 8071 0138
ફેક્સ 023 8033 0760

**સાઉથોલ બ્લેક સિસ્ટર્સ Southall Black Sister**
ઘરેલૂ હિંસા અને જાતીય હિંસાનો (બળજબરી પૂર્વક કરાવવામાં આવતાં લગ્નો અને સન્માનના નામે કરવામાં આવતા ગુના સહિતનો) ભોગ બની રહેલી સ્ત્રીઓ અને બાળકોને માહિતી,

સલાહ, એડવોકસી, વ્યવહારૂ મદદ, કાઉન્સેલિંગ અને ટેકો પૂરો પાડે છે. આ સમગ્ર રીતે આપવામાં આવતી સેવાની જોગવાઈ કરવાનો ઉદ્દેશ ભોગ બનતાં લોકોને હિંસા; અત્યાચારમાંથી છૂટકારો અપાવવાનો અને એકબીજા સાથે જોડાયેલી અનેક સમસ્યાઓનો ઉકેલ લાવવાનો છે. એશિયન અને કાળાં સમાજની સ્ત્રીઓ માટે સલાહ, લાગણીશીલ ટેકો અને મદદ

Southall Black Sisters
21 Avenue Road
Southall
Middlesex UB1 3BL

020 8571 9595
www.southallblacksisters.org.uk
southallblacksisters@btconnect.com

## વિક્ટિમ સપોર્ટ Victim Support

વિક્ટિમ સપોર્ટ Victim Support ગુનાની અસર પામેલાં લોકો માટેની એક રાષ્ટ્રિય ચેરિટી સંસ્થા છે. અમારાં સ્વયંસેવકો લોકોને તેમના અનુભવનો સામનો કરવામાં મદદ કરવા માટેનો મફત અને ખાનગી ટેકો પૂરો પાડે છે, પછી તેમણે ગુનાની જાણ કરી હોય કે નહિ. વિક્ટિમ સપોર્ટ Victim Support વિટનેસ સર્વિસ Witness Service અને સપોર્ટ લાઈન Support Line પણ ચલાવે છે. વિટનેસ સર્વિસ સાક્ષીઓ, ભોગ બનેલાં લોકો અને તેમનાં કુટુંબીજનોને ટ્રાયલ પહેલાં, તે દરમ્યાન અને તેના પછી મદદ કરે છે. તાલીમ મેળવેલાં સ્વયંસેવકો લાગણીશીલ ટેકો આપવાની સાથે સાથે કોર્ટની કાર્યવાહીઓ, કોર્ટની મુલાકાત લેવી અને સુનાવણી પહેલાં અને તે દરમ્યાન રાહ જોવા બેસવા માટેની શાંત જગ્યા જેવી બાબતો ઉપર માહિતી પૂરી પાડે છે.

સપોર્ટ લાઈન ખાનગીમાં અને નામ ગુપ્ત રાખીને વ્યવહારૂ મદદ અને લાગણીશીલ ટેકો પૂરો પાડી શકે છે. 0845 30 30 900.
www.victimsupport.org.uk

## ધર્મ આધારિત સંસ્થાઓ

### કમ્યૂનિટી સિક્યોરિટી ટ્રસ્ટ Community Security Trust

જ્યૂઈશ સમાજનાં લોકો સામે થયેલા બનાવોની નોંધ રાખે છે અને તપાસ કરે છે. જ્યાં યોગ્ય હોય ત્યાં અને ભોગ બનેલ વ્યક્તિ મંજૂર થાય ત્યાં જ્યૂઈશ કાઉન્સેલિંગ સર્વિસીસમાં રીફરલો કરે છે.

ઈન્સિડેન્ટ્સ ડિપાર્ટમેન્ટ 020 8457 9964 અને 020 8457 9999 અથવા www.thecst.org.uk/incidents પરથી ઓનલાઈન.

### ફોરમ અગેઈન્સ્ટ ઈસ્લામોફોબિયા એન્ડ રેસિઝમ (એફએઆઈઆર - ફેર) Forum Against Islamophobia and Racism (FAIR)

'ફેર' FAIR એક સ્વતંત્ર ચેરિટી સંસ્થા છે જેની સ્થાપના ઈસ્લામોફોબિયા વિશે જાગૃતિ ફેલાવવા અને તેને લગતા પૂર્વગ્રહો તેમજ કાર્યવ્યવહારો નાબૂદ કરવા માટે કરવામાં આવી હતી.

PO Box 784
Richmond
Surrey TW9 2WH

ઈસ્લામોફોબિક ભેદભાવના કોઈ બનાવની જાણ કરવા માટે 'ફેર' FAIR નો સંપર્ક કરોઃ
020 8940 0100

www.fairuk.org
fair@fairuk.org

### જ્યૂઈશ વિમેન્સ એઈડ Jewish Women's Aid

એક હેલ્પલાઈન છે જે ઘરેલૂ હિંસાનો ભોગ બનેલી જ્યૂઈશ સ્ત્રીઓને મદદ અને ટેકો તેમજ રીફરલની સેવાઓ પ્રદાન કરે છે.

હેલ્પલાઈનઃ 0800 591 203
હેડ ઓફિસઃ 020 8445 8060
www.jwa.org.uk
info@jwa.org.uk

## અસાયલમ સીકર અને રેફ્યુજીઓ માટેની સંસ્થાઓ

### જોઈન્ટ કાઉન્સિલ ફોર ધ વેલફેર ઓફ ઈમિગ્રન્ટ્સ (જેસીડબલ્યુઆઈ) Joint Council for the Welfare of Immigrants (JCWI)

જેસીડબલ્યુઆઈ JCWI એક સ્વતંત્ર અને રાષ્ટ્રિય સ્વૈચ્છિક સંસ્થા છે જે ન્યાય માટે અને ઈમિગ્રેશન, રાષ્ટ્રિયતા અને અસાયલમના કાયદા તેમજ નીતિમાં વર્ણભેદ નાબૂદ કરવા માટેની ઝૂંબેશો ચલાવે છે. જેસીડબલ્યુઆઈ JCWI મફત સલાહ અને કેસવર્ક, તાલીમના અભ્યાસક્રમો તેમજ પ્રકાશનો પૂરાં પાડે છે.

115 Old Street
London EC1V 9RT

020 7251 8708
www.jcwi.org.uk

### રેફ્યુજી એક્શન Refugee Action

રેફ્યુજી એક્શન Refugee Action એક સ્વતંત્ર રાષ્ટ્રિય ચેરિટી સંસ્થા છે જે રેફ્યુજીઓને યુકેમાં નવું જીવન શરૂ કરવામાં મદદ કરે છે. તેઓ વ્યવહારૂ સલાહ તેમજ નવાં આવેલાં અસાયલમ સીકરો માટે સહાયતા અને સામાજિક વિકાસના કાર્ય મારફતે સ્થાયી થવામાં લાંબા સમય સુધી મદદ પૂરી પાડે છે.

હેડ ઓફિસ
The Old Fire Station
150 Waterloo Road
London SE1 8SB

020 7654 7700
www.refugeeaction.org.uk

**રેફ્યુજી કાઉન્સિલ Refugee Council**
રેફ્યુજી કાઉન્સિલ સમગ્ર યુકેમાં અસાયલમ સીકરો અને રેફ્યુજીઓ સાથે કામ કરે છે.

240 – 250 Ferndale Road
Brixton
London SW8 8BB

020 7346 6700
www.refugeecouncil.org.uk
info@refugeecouncil.org.uk

વન સ્ટોપ સર્વિસ એડવાઈઝ લાઈન વ્યક્તિગત લોકો અને સંસ્થાઓને અનેક જુદી જુદી બાબતો ઉપર સલાહ અને માહિતી પૂરાં પાડે છે અને તે અસાયલમ અને ઈમિગ્રેશનની બાબતોમાં અનુભવ ધરાવતાં સલાહકારો દ્વારા ચલાવવામાં આવે છે.

**આ પત્રિકાની વધારે નકલો અહીંથી મેળવી શકાય છે:**

CPS Communication Division
Rose Court
2 Southwark Bridge
London SE1 9HS

ફોન 020 335 70913
ફેક્સ 020 335 70936
ઈમેઈલ publicity.branch@cps.gsi.gov.uk

Blackburn of Bolton દ્વારા મુદ્રિત
ફોન 01204 532121